સભાસદોને ભેટ. **चतुर्वर्ग संग्रह**-પુસ્તક ૩ જું.

पुरुषार्थ शतक.

(સટીક ભાષાન્તર.)

ભાષાન્તર કરનાર,

શાસ્ત્રી રામચંદ્ર દીનાનાથ.

પ્રસિદ્ધ કરનાર, મુંબઈની—

"સાક્ષર સહાયક પ્રજાપ્રબોધક મંડળી"

અમદાવાદ

યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડમાં છાપ્યું.

સન ૧૮૯૬ સંવત ૧૯૫૩

પ્રસ્તાવના.

—:०:—

આ "ચતુર્વર્ગ સંગ્રહ-પુરૂષાર્થ શતક" નું પુસ્તક મૂળ કાસ્મિરના મહા પંડિત ક્ષેમેન્દ્રાચાર્યે સંસ્કૃતમાં બનાવેલું છે. એમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-એ ચાર પુરૂષાર્થનું ઉત્તમ રીતે વર્ણન કરેલું છે જીવન સાર્થ કરવા માટે મનુષ્યને એ ચારે પુરૂષાર્થની આવશ્યક્તા છે અને તેથી જ આ ગ્રન્થ બહુ માનનીય મનાયો છે. શાસ્ત્રી રામચંદ્ર દીનાનાથ એક સારા વિદ્વાન છે અને તેમની પાસે કરાવેલું આ ભાષાન્તર પ્રજાપ્રિય નિવડવાના વિચારને અંતે હૃદયમાં સંશયને સ્થાન મળી શકે તેમ નથી. શાસ્ત્રીઓની ભાષા બહુધા આધુનિક સાક્ષરોની ભાષાથી નિરાળીજ પ્રકારની હોય છે, અને તેથી જો કે તેમાં બનતી સુધારણા કરવા યત્ન કર્યો છે, તથાપિ "ભાવ"

" અર્થ ગૌરવ, " અને " અલંકાર " ને સંભાળવાની અત્યાવશ્યકતા તરફ લક્ષ આપવાનું હોવાથી એ સુધારણા કે એ યત્ન પૂર્ણત્વને પામ્યાં છે, એમ કહી શકાય તેમ નથી. ગુર્જ્જર ભાષાના અભિવૃદ્ધયર્થે સંસ્કૃત ભાષાનાં પુસ્તકોનાં ભાષાન્તરો પ્રકટ થવાની અગત્યતાનો કોઇથી પણ અનાદર થઈ શકે તેમ નથી અને વળી આ પુસ્તક સાક્ષરો પ્રીતિથી આદર કરે તેવું હોવાથી, મંડલીનો યત્ન વૃથા નહીં થાય.

વનમાલી લાધાભાઇ મોદી.

"સાક્ષર સહાયક પ્રજાપ્રબોધક મંડળી"

નો મુખ્ય કારભારી.

चतुर्वर्ग संग्रह–पुरुषार्थ शतक.

આ ગ્રન્થમાં કાશ્મિર દેશના મહાપંડિત ક્ષેમેંદ્રાચાર્યે પોતાના શિષ્યોને ઉપદેશ આપવા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થનું વર્ણન કર્યું છે.

૧ ધર્મ.

વ્યાખ્યા—દુઃખ, દુર્ગતિ, દારિદ્રય અને અનાચારમાં પડતા જીવોને જે ધારણ કરે તે ધર્મ.

सत्यस्कन्धस्तरुणकरुणापूरपीयूषसिक्तः
क्षान्तिच्छायः शुभमतिलतालंकृतःशीलमूलः ॥
भूयात्सत्वप्रसवविलसत्पल्लवः पुण्यभाजां
धर्मः प्रोद्यत्कुशलकुसुमः श्रीफलो मंगलाय ॥ १ ॥

(૧) સત્યરૂપ જેનાં ડાળાં છે, મહાન્ કરુણારૂપ અમૃત–પ્રવાહથી જે સિંચન થયેલું છે, ક્ષમારૂપ જેની છાયા છે, શુભમતિરૂપ લતાવડે જે સુશોભિત છે, શીલરૂપ જેનું મૂલ છે, શુદ્ધ સત્વગુણરૂપ જેનાં સુંદર પલ્લવો છે, પ્રકટ થતાં કુશલરૂપ જેનાં પુષ્પ છે, એવું પુણ્યશાળી મનુષ્યનું ધર્મરૂપ શ્રીફલવૃક્ષ શ્રોતાજનોનું મંગલ કરે.

उपदेशाय शिष्याणां संतोषाय मनीषिणाम् ॥
क्षेमेन्द्रेण निजश्लोकैः क्रियते वर्गसंग्रहः ॥२॥

(૨) શિષ્યોને ઉપદેશ કરવા, પંડિતોને સંતોષ આપવા, હું ક્ષેમેંદ્રાચાર્ય પોતાના કૃ-

રેલા શ્લોક વડે આ ચતુર્વર્ગસંગ્રહ નામનો ગ્રંથ કરૂં છું.

धर्मः शर्म परत्र चेह च नृणां धर्मोऽन्धकारे रविः
सर्वापत्प्रशमक्षमः सुमनसां धर्माभिधाना निधिः॥
धर्मो बन्धुरबान्धवे पृथुपथे धर्मः सुहृन्निश्चलः
संसारोरुमरुस्थले सुरतरुर्नास्त्येव धर्मात्परः ॥३॥

(૩) ધર્મ, આ લોક અને પરલોકમાં મનુષ્યને સુખદાયક છે. ધર્મ, અધર્મરૂપ અંધકારનો નાશ કરવામાં સૂર્ય સમાન છે. ધર્મ, સર્વ દુઃખને દૂર કરવા બલવાન છે. ધર્મ, સત્પુરૂષોને મોટા નિધિ સમાન છે; ધર્મ, વિકટ માર્ગમાં બાંધવ સરખો સાચો સહાયક છે. ધર્મ, નિશ્ચલ અને પરમમિત્ર સમાન છે. તાત્પર્ય એટલું જ કે સંસારને અંગે મારવાડ જેવા વેરાન દેશના માર્ગમાં પણ કલ્પવૃક્ષની પેઠે મનોવાંછિત કાર્યને પરિપૂર્ણ કરનાર ધર્મ વિના બીજું કોઇ પણ સમર્થ નથી.

कर्णे धर्मकथा मुखे परिचितं धर्माभिरामं वच-
श्चित्ते धर्ममनोरथः प्रणयिनी सर्वत्र धर्मस्थितिः॥
काये धर्ममयी क्रिया परिकरः सोऽयं शुभप्राप्तये
कल्पापायपदेऽप्युपप्लवलवैरस्पृष्टवेलाफलः ॥४॥

(૪) જેના મુખમાં ધર્મકથા છે, જેના વચનમાં સુંદર ધર્મનો પરિચય છે, જેના ચિત્તમાં ધર્મનો મનોરથ છે, જેને ધર્મમર્યાદામાં પ્રીતિ છે, જેના શરીરની સઘળી ક્રિયા ધર્મ વિરૂદ્ધ નથી—તેવા સદાચારી પરિવારવાળા પુરૂષને જે કાંઈ પ્રાપ્ત થાય છે તે સઘળું શુભ જ હોય છે. મહા પ્રલયકાળમાં પણ તેને લવલેશ દુઃખ ઉપજતું નથી.

निन्द्यं जन्म प्रमोहस्थिरतरतमसां यन्मनुष्यत्वहीनं
बुध्याहीनोमनुष्यःशुभफलविकलस्तुल्यचेष्टःपशुनाम्।
बुद्धिःपाण्डित्यहीनाभ्रमतिसदसतोस्तत्त्वचर्चाविचारे
पाण्डित्यं धर्महीनं शुकसदृशगिरां निष्फलक्लेशमेव५

(૫) મહા મોહથી ઉત્પન્ન થયેલા વૃક્ષાદિ સ્થાવરોના તામસી જન્મો અતિશય નિંદ્ય છે. મનુષ્ય જન્મ અતિશય પ્રશંસનીય છતાં બુદ્ધિહીન મનુષ્ય શુભફલ વિનાનો પશુ તુલ્ય ચેષ્ટાવાળો હોય છે. પાંડિત્ય વિનાની બુદ્ધિ સદ્ અસદ્ તત્વવિચારની ચર્ચાના વિચારમાં ભ્રાન્તિ પામે છે. પાંડિત્ય પણ ધર્મ રહિત હોય તો તે "પોપટિયા જ્ઞાન" સરખું નિષ્ફલ ક્લેશરૂપ જ સમજવું.

पाण्डित्यं यन्मदान्धानां परोत्कर्षविनाशनम् ॥
मात्सर्यपांसुपूरेण मातंगस्नानमेव तत् ॥६॥

(૬) અહંકારથી અંધ થયેલા પુરૂષોનું પાંડિત્ય ફકત પારકા ઉત્કર્ષનો નાશ કરનાર છે. પારકા ઉત્કર્ષને ન સહન કરવારૂપ મત્સરથી અહંકારી જનો ભરપુર હોય છે, માટે તેવા જનોનું પાંડિત્ય હાથીના સ્નાન જેવું જ નિષ્ફલ છે.

तत्प्राज्ञत्वं हरति विमलं येन शीलं नकाम-

स्तद्धीरत्वं प्रशमवशतां यान्ति येनेन्द्रियाणि ॥

तद्वैदग्ध्यं भुवनजयिनी वंच्यते येन माया

तत्पाण्डित्यं भवपरिभवः शान्तिमायाति येन ॥७॥

(૭) નિર્મલ શીલનો કામદેવ પણ નાશ ન કરી શકે તે જ ખરૂં પાંડિત્ય. જેનાવડે ઇંદ્રિયો ઉપશમપણાને પામે, તેજ ખરૂં ધૈર્ય જગતને જીતનારી માયાથી જે બચી જાય–તેજ ખરૂં ચાતુર્ય. સંસારમાં થતા સઘળા પરાભવ જેનાવડે શાન્ત થાય તેજ ખરી વિદ્વત્તા.

अन्धः स एव श्रुतिवर्जितो यः

शठः स एवार्थिनिरर्थकोपः ॥

मृतः स एवास्ति यशो न यस्य

धर्मे न धीर्यस्य स एव शोच्यः ॥८॥

(૮) જેના કર્ણમાં શાસ્ત્ર તથા સત્પુરૂષોનાં વચન નથી પડયાં, તે પુરૂષ સારાસાર જોઈ

શકતા નથી–માટે તેજ અંધ છે. જે માગનાર ઉપર નિરર્થક કોપ કરે છે. તે શઠ છે. જેને જગતમાં યશ નથી તે જીવતો મુવેલો જ છે; અને જેને યશ છે તે મૃત્યુ પામ્યા છતાં પણ જીવતો જ છે. ધર્મમાં જેને ધૈર્ય નથી તેજ પુરૂષ શોક કરવા યોગ્ય છે.

हितं न किंचिद्विहितं परस्य
दत्तं न वित्तं न च सत्यमुक्तम् ॥
यस्मिन्दिने निष्फलतां प્रयात-
मायुः सकालः परिदेवनस्य ॥९॥

(૯) જે દિવસ પોતાનું કે પારકાનું કાંઇ પણ હિત ન થયું, કાંઈ પણ કોઇને દાન ન આપ્યું અને સત્ય ભાષણ ન કર્યું, તે દિવસનું આયુષ્ય શોક કરવા યોગ્ય છે–તેથી તે નિષ્ફલ જાણવું.

न दानतुल्यं धनमन्यदस्ति
न सत्यतुल्यं व्रतमन्यदस्ति ॥

न शीलतुल्यं शुभमन्यदस्ति
न क्षान्तितुल्यं हितमन्यदस्ति ॥१०॥

(૧૦) દાન આપવા જેવું બીજું કોઇ ધન નથી–અર્થાત્ આપવું એનું નામ જ લેવું સમજવું. કહેવત છે કે "વાવે તે લણે." સત્ય ભાષણ કરવા જેવું બીજું કોઇ પણ મોટું વ્રત નથી. શીલ પાળવા સમાન બીજું કોઇપણ શુભદાયક નથી. ક્ષમા રાખવા સમાન બીજું કોઇ પણ હિતકારી નથી.

सत्यंवाचि दृशि प्रसादमयता सर्वाशयाश्वासिनी
पाणौदानविमुक्तता जनमनः क्लेशान्तचिन्ता मतौ॥
संसक्ता हृदये दयेव दयिता काले परार्थोद्यमो-
यस्यैकःपुरुषःस जीवति भवे भ्राम्यन्त्यजीवाःपरे ११।

(૧૧) જેની વાણીમાં સત્ય છે, જેના નેત્રમાં સર્વના અંતઃકરણને શાન્તિ કરનારી પ્રસન્નતા પ્રવર્તે છે, જેના હાથમાં દાન દેવાની

છૂટ છે, જેની બુદ્ધિમાં લોકના મનના ક્લેશ માત્ર મટાડવાની ચિંતા છે, જેના હૃદયમાં દયા છે, જે સમય આવ્યે પરોપકાર કરવામાં ઉદ્યોગી છે-તેજ પુરૂષ સંસારમાં જીવતો જાણવો અને તે વિનાનાં બીજાં માણસો તો નિર્જીવ મનુષ્યાકારનાં અથડાતાં ખોખાં જાણવાં.

परप्राणत्राणप्रणिहितधियां धर्मजननी
दयैवैका लोके सकलजनताजीवितसुधा ॥
असामान्यं पुण्यं मुनिभिरुदितं ज्ञाननयनै-
रहिंसा संसारे स्वपरकुशलश्लाघ्यसरणिः ॥ १२॥

(૧૨) જેમણે પારકા પ્રાણનું રક્ષણ કરવામાં બુદ્ધિ સ્થાપન કરી છે, એવા પુરૂષોની એક જીવદયા જ, લોકમાં સકળ જનને જીવાડવામાં અમૃત સમાન અને ધર્મને ઉત્પન્ન કરનારી છે. જેમને જ્ઞાન રૂપ નેત્ર છે એવા મુનિયોએ સંસારમાં પોતાનું અને પારકું કુશળ કરવામાં શ્રેષ્ટ માર્ગ

સમાન; અને મોટા પુણ્ય સમાન એક અહિં-
સા જ કહી છે.

प्राणानां परिरक्षणाय सततं सर्वाः क्रियाःप्राणिनां
प्राणेभ्योऽप्यधिकंसमस्तजगतांनास्त्येवाकिंचित्प्रियम्
पुण्यं तस्य न शक्यते गणयितुं यः पूर्णकारुण्यवा-
न्प्राणानामभयं ददाति सुकृती तेषामहिंसाव्रतम् १३

(૧૩) પ્રાણની સર્વે ક્રિયાઓ નિરંતર પ્રા-
ણનું રક્ષણ કરવા અર્થે છે. સઘળા જગતને
પ્રાણથી અધિક પ્રિય કાંઈ પણ પદાર્થ નથી.
માટે સંપૂર્ણ કરૂણાવાળો જે પુરૂષ–કે જે પ્રાણને
અભય કરે છે, તેનું પુણ્ય ગણાઈ શકાય તેવું
નથી. કારણ કે તે પુણ્યશાળી પુરૂષને અહિં-
સાવ્રત સિદ્ધ થાય છે.

स एव सत्वाभरणप्रभावभू-
र्भुवः प्रकामाभरणं नरोत्तमः ॥
मुखाम्बुजे यस्य वसत्यनत्यया
सदैव सत्याभरणा सरस्वती ॥१४॥

(૧૪) પુરૂષના મુખ કમલમાં નિર્દોષ એવી અને સત્યરૂપ આભરણને ધરનારી સરસ્વતી નિ-રંતર વસે છે તે જ પુરૂષ પ્રાણીમાત્રનું આભરણ છે, પ્રતાપનું સ્થાન છે, પૃથ્વીનું શોભાયમાન ઘરેણું છે; અને મનુષ્યમાં ઉત્તમ છે.

किल त्वं कोशनिषण्णमर्थिविफलं शल्यायते यत्परं
वित्तं क्लेशनिमित्तमेव मलिनं यातु स्वयं तत्क्षयम्॥
यत्कारुण्यपरोपकारविकलं भूभारभूतं वपुः
स्वार्थासक्तमनर्थसार्थसदनं मा मास्तु तत्कस्य चित्॥

(૧૫) જે ધન કેવલ ઉદ્વેગનું કરનાર—ભં-ડારમાં ભરી મૂકેલું, યાચકના ખપમાં ન આવતું શલ્યની પેઠે અંતરમાં સાલતું, ક્લેશનું કારણ, મહા મલિન--એવું છે, તે સઘળું શીઘ્રપણે નાશ પામો. વળી જે કરૂણા અને પરોપકાર કરવાથી રહિત, પૃથ્વીને ભારરૂપ, કેવલ સ્વાર્થમાં જ આસક્ત. અને અનર્થના સમૂહને રહેવાનું ઘર રૂપ શરીર છે તે કયારે પણ કોઇનું થશો નહીં.

वंद्यः स पुंसां त्रिदशाभिवन्द्यः
कारुण्य पुण्योपचयः क्रियाभिः ॥
संसारसारत्वमुपैति यस्य
परोपकाराभरणं शरीरम् ॥१६॥

(१६) જેની કરેલી નાના પ્રકારની ક્રિયાવડે કરૂણા અને પુણ્યતાના સમૂહે સમૂહ દેખાય છે, તે પુરૂષ દેવતાને પણ વંદનીય છે. લોક ઉપર કરેલા મોટા ઉપકારરૂપ આભૂષણવડે જેનું શરીર શોભી રહેલું છે, તેજ પુરૂષ સંસારમાં સારપણાને પામે છે.

परद्रविणनिस्पृहः परकलत्रनिष्कौतुकः
परप्रणयवत्सलः परनिकारवद्धक्षमः ॥
परस्तुतिविशारदः परगुणापवादोज्झितः
परार्तिहरणोद्यतो भवति भुरिपुण्यैनरः ॥१७॥

(१७) જેને પારકા પૈસા ઝુંટાવી લેવાની સ્પૃહા નથી, જેને પરસ્ત્રી જોવાનું કૌતક થતું નથી,

પારકું સ્નેહથી સારૂ કરવાવડે જે વત્સલ છે, પારકા કરેલા અપરાધમાં પણ જેણે ક્ષમાને ઝાલી રાખી છે, પારકી સ્તુતિ કરવામાં જેણે પોતાનું ડહાપણ વાપર્યું છે, પારકા ગુણમાં દોષ જોવાનું તો જેને હોય જ ક્યાંથી ! અને જેનો ઉદ્યોગ પારકી પીડાને હરનારો છે, એવો પુરૂષ જગતમાં ઘણા પુણ્યવડે પ્રકટ થાય છે.

पद्मानामिव सा सतां सगुणता या संश्रयार्हा श्रियः
सा श्रीर्भद्रगजेन्द्रमूर्तिरिवया दानेन विभ्राजते ॥
तद्दानं नवचन्द्रवद्यदनिशं मानेन संपूर्यते
मानोऽसौ तृणवन्न यत्परिचयम्लानःशनैःशुष्यति १८

(૧૮) લક્ષ્મી જેમ કમલનો આશ્રય કરે છે, તેમ તેને આશ્રય કરવા યોગ્ય એવી સત્પુરૂષને વિષે સ્વાભાવિક સગુણતા રહેલી છે. જેવી ભદ્ર જાતિના ગજેંદ્રની મૂર્તિમાં દાનશકિત (મદ ઝ-રવાની શક્તિ) રહેલી છે, તેવી દાનશક્તિ સત્પુરૂષમાં સ્વાભાવિક શોભી રહેલી હોય છે.

શુકલ પક્ષના ચંદ્રની કલા જેમ દિન દિન પ્રત્યે પુરાય છે, તેમ સત્પુરૂષની દાનકલા નિરંતર માનવડે પુરાય છે. તે માન બીજું કંઇ જ નહીં, પણ જેનો ઘણો પરિચય કરવાથી પણ જે તૃણની પેઠે સુકાતો નથી, પરંતુ વૃદ્ધિ પામે છે-તે સત્પુરૂષનો સ્વભાવિક ધર્મ જ છે.

लक्ष्मीर्दानफला श्रुतं शमफलं पाणिः सुरार्चाफल-
श्चेष्टा धर्मफला परार्तिहरणक्रीडाफलं जीवितम् ॥
वाणी सत्यफला जगत्सुखफलस्फीता प्रभावोन्नति-
र्भव्यानां भवशान्तिचिन्तनफला भूत्यै भवत्येव धीः॥

(૧૯) લક્ષ્મીનું ફલ દાન છે. શાન્તિ રાખવી એ શાસ્ત્ર ભણવાનું ફલ છે. દેવપૂજન કરવું એ હાથનું ફલ છે. ચેષ્ટાનું ફલ ધર્મ છે, સત્પુરૂષના મોટા પ્રતાપની ઉન્નત્તિનું ફલ જગતનું સારૂં કરવું તે છે. સંસારમાં શાન્તિ થાય એવા વિચારને કરનારી બુદ્ધિ સર્વ સમૃદ્ધિ આપવા સમર્થ થાય છે.

शीलं शीलयतां कुलं कलयतां सद्भावमभ्यस्यतां
व्याजं वर्जयतां गुणं गणयतां धर्मे धियं बध्नताम्॥
क्षान्तिं चिन्तयतां तमः समयतां तत्त्वश्रुतिं श्रृण्वतां
संसारे न परोपकारसदृशं पश्यामि पुण्यं सताम् २०

(૨૦) શીલ પાળો, કુલ મર્યાદા રાખો, સારાસાર વિચારનો અભ્યાસ કરો, કપટનો ત્યાગ કરો, અનેક ગુણ ઉપાર્જન કરો, ધર્મ કરવામાં બુદ્ધિ રાખો, ક્ષમાનું ચિંતવન કરો, પાપને શમાવો, તત્વનું શ્રવણ કરો, આ સંસારમાં પરોપકાર કરવા જેવું સત્પુરૂષનું બીજું કોઈ પુણ્ય હું દેખતો નથી.

तीर्थानि दीर्घाध्वपरिश्रमाणि
बहुव्ययानि क्रतुडम्बराणि ॥
तपांसि मुक्त्वा तनुशोषणानि
हिंसाविरामे रमतां मतिर्वः ॥२१॥

(૨૧) લાંબા માર્ગના પરિશ્રમવાળાં તી-
ર્થોમાં ભટકવું મૂકીને, તથા ઘણા દ્રવ્યનો ખર્ચ
કરાવનારા યજ્ઞયાગ કરવાના આડંબરો મૂકીને,
શરીરનું શોષણ કરનારાં તપનો ત્યાગ કરીને
તમારી બુદ્ધિ કેવલ અહિંસામાં રમો.

यज्वा विप्रःशुचिरनुचरःसंयतात्मा तपस्वी
मन्त्री विद्वानवनिवनिताभूषण भूमिपालः ॥
धर्मोद्याने सकृतसलिलासारसंसिच्यमाने
पूर्णः सोऽयं कृतयुगतरोर्भाविनो बीजवापः।२२।

(૨૨) વિધિ સહિત દેવારાધનમાં પ્રવિણ
એવો બ્રાહ્મણ, પવિત્ર-નિર્દોષ એવો સેવક, જી-
તેંદ્રિય એવો તપસ્વિ, વિદ્વાન એવો પ્રધાન,
પૃથ્વીરૂપ સ્ત્રીને શોભા કારક-આભૂષણ સમાન
એવો રાજા, આ સઘળું પુણ્યરૂપ જલ બિંદુથી
સિંચન થયેલા ધર્મરૂપ બગીચામાં આગલ-ઉગે
એવા સત્યયુગરૂપ વૃક્ષનું બીજ વાવવા સ-
માન જાણવું.

दम्भेन शीलव्रतमस्पृहत्वं
विरक्तता श्रोत्रियता मृदुत्वम् ॥
एतानि मूलानि निगूढगूढ
कौटिल्यलीनानि कलिद्रुमस्य ॥२३॥

(૨૩) કપટથી શીલવ્રત, નિસ્પૃહતા, વૈરાગ્ય, દેવારાધના, કોમલતા—એ સર્વ કલિકાલરૂપ વૃક્ષનાં પૃથ્વીમાં વાંકાવળી ગુપ્ત થઇને રહેલાં ઉંડાં મૂલ જાણવાં.

यावन्ति दानानि वदन्ति सन्त-
स्तपांसि तीर्थानि च यानि सन्ति ॥
तत्पुण्यमेकत्र विभाति सर्वं
महार्हमेकत्र च निःस्पृहत्वम् ॥२४॥

(૨૪) સત્પુરૂષોનાં કહેલાં સઘળાં દાન, તપ તીર્થો—એ સર્વનું પુણ્ય એક ત્રાજવામાં મૂકો અને એક ત્રાજવામાં નિસ્પૃહતા મૂકો; તો સ-

વેથા અધિક મહા મૂલ્યવાળી એક જ નિસ્પૃહતા વધારે થશે, માટે તેને જ સર્વોત્તમ ધર્મ જાણવો.

सतामदैन्यं वदनस्य शोभा निर्लोभतान्तर्वच-सामयाच्ञा ॥ कायस्य सत्सेव्यमसेवकत्वं पाणे-रनुत्तानतलत्वमेव ॥२५॥

(૨૫) અદીનપણું (કંગાલપણું ન રાખવું તે) સત્પુરૂષના મુખની શોભા છે. નિર્લોભપણું રાખવું એ જ અંતઃકરણની શોભા છે. ન માગવું એજ મુખની શોભા છે. સત્પુરૂષની સેવા કરવી, અથવા સત્પુરૂષની સેવા ન મળે તો સેવા રહિતપણે રહેવું, પણ દુર્જનની સેવા તો કદી પણ ન કરવી—એ શરીર શોભા છે. કોઇની આગળ છતો હાથ કરી ન લેવું એ જ હાથની શોભા છે.

मान्यः कुलीनः कुलजात्कलावा-न्विद्वान्कलाहार्द्दिदुषः सुशीलः ॥

धनी सुशीलाद्धनिनोऽपि दाता
दातुर्निजाकीर्तिरयाचकेन ॥२६॥

(૨૬) કુલવાન પુરૂપ માન્ય છે, કુલવાન કરતાં કલાવાન, કલાવાન કરતાં વિદ્વાન વિદ્વાન કરતાં સુશીલ, સુશીલ કરતાં ધનવાન, અને ધનવાન કરતાં દાતા પુરૂપ વધારે માન્ય છે. દાતા કરતાં પણ અયાચક (યાચના નહીં કરનારા) પુરૂષે કહેલી કીતિ વધારે માન્ય છે.

तप्तैस्तीव्रव्रतैःकिं विकसति करुणास्पन्दिनी यद्यहिंसा ॥ किं दुरैस्तीर्थसारैरथदिशमविमलं मानसं सत्यपूतम् ॥ यत्नादन्योपकारे प्रसरति यदिधीर्दानपुण्यैः किमन्यैः ॥ किं मोक्षोपाययोगैर्यदि शुचिमनसामच्युते भक्तिरस्ति ॥२७॥

(૨૭) કરૂણારસને ઝરતી અહિંસા જો પોતાના અંતઃકરણમાં વિકસ્વર (વ્યાપી રહેલી) છે, તો આકરાં તપ, વ્રતથી વધારે શું થવાનું

છે? જો શાન્તિથી નિર્મલ થયેલું અને સત્યથી પવિત્ર થયેલું પોતાનું મન છે, તો દૂર રહેલાં સારાં તીર્થથી અધિક શું થવાનું છે? જો ઘણા પ્રયત્નથી પરોપકાર કરવામાં બુદ્ધિનો પ્રસાર થાયછે, તો અન્ય પુન્યદાન વડે શું વધારે નિ-પજવાનું છે? જો શુદ્ધ નિર્મલ અંતઃકરણવડે ઈશ્વરની ભકિત થાય છે તો બીજા કરવામાં આવતા મોટા મોટા મોક્ષના ઉપાયોથી પણ અધિક શું થવાનું હતું ?

અર્થ.

प्रधानधाम्नां निधये धनाय
नमोऽस्तु तस्मै गुणिनोऽपि यत्नात् ॥
यदाशया निर्गुणभूपतीना-
मग्रे गुणान्पण्यदशां नयन्ति ॥१॥

(૧) જે ધનની પ્રાપ્તી થવાની આશાએ ગુણી પુરૂષો પણ મહા પ્રયત્ને નિર્ગુણ રાજાઓની આગળ પોતાના ગુણોને વેચી ખાય છે. એટલે જેમ વ્યાપારી લોક પોતાની દુકાનમાં વેચવાની વસ્તુને ઠીકઠીક કરી, ગ્રાહકને પરાણે પરાણે દેખાડી, યુક્તિ પ્રયુક્તિ કરી, મહા પ્રયત્ને પણ પોતાની વસ્તુના ગુણનું વર્ણન કરી, રૂચી ઉત્પન્ન કરી, પૈસા છોડાવે છે; તેમ ગુણી પુરૂષો પણ પોતાના ગુણ દેખાડી ધન લેવાનો પ્રયત્ન કરે છે, માટે મોટાં મોટાં ઐશ્વર્યને રહેવાના ભંડારરૂપ જે ધન-તેને જ મારો નમસ્કાર છે.

दानादिधर्मः क्रियते धनेन
धनेन धन्या धनमाप्नुवन्ति ॥
धनैर्विना कामकथापि नास्ति
त्रिवर्गमूलं धनमेव नान्यत् ॥२॥

(૨) ધનવડે દાન અપાય છે, માટે દાનાદિ ધર્મનું મૂલ પણ ધન છે. વળી થોડા

ધનવડે ઘણું ધન ઉપાર્જન કરનાર પુરૂષોને ધન્ય છે. જે ધનની છૂટવિના કામ ભોગની તો વાત જ ક્યાંથી બને! માટે બાકીના ત્રણ વર્ગનું મૂલ ધનવિના બીજું કાંઈપણ નથી. એટલે જેણે ધર્મ, કામ, અને મોક્ષ—એ ત્રણ પુરૂષાર્થ પેદા કરવા હોય તો તેણે પ્રથમ ધન પેદા કરવું.

यत्क्लीबैर्भटकुक्कुटोत्कटरणक्रीडा समादिश्यते
यन्मूर्खैः सुखलीलयाकविशुकालापश्चिरंचर्यते ॥
नीचैरुच्चतरश्चसेवकहयःस्वाम्येनयद्वाह्यते
तद्वित्तस्याविलासनृत्तवसतेरुद्वृत्तवृत्तायितम् ॥३॥

(૩) કેટલાએક નાન્યતર જાતિ જેવા ધનાઢ્ય પુરૂષો, સુભટરૂપ કુકડા કુદાવી તેના યુદ્ધની ક્રીડા (મલ્લયુદ્ધાદિ) જોઈ બહુ ખુશ થાય છે. કેટલાએક મૂર્ખ ધનાઢ્ય પુરૂષો, કવિરૂપ પોપટના આલાપ સંલાપ સાંભળી—તેમાં જ આનંદ માની તેના ઘણી ચર્ચા ચલાવે છે. નાત્ર

જાતિના ધનવંત પણ ઉચ્ચ જાતિના સેવક રૂપ ઘોડા પર સ્વાર થઇને મનમાં આવે તેમ દોડાવે છે. આ સઘળું વિલાસરૂપ નાટકના નિવાસરૂપ ધનનુ છકી ગયેલું ઉન્મત્ત વૃત્તાંત છે. એટલે જો ઓચિંતું ઘણું ધનં મળવાથી છકી જાય, તો એ જ છકેલ પુરૂષ લોકોપહાસનું સ્થાન બની રહેછે; માટે ધન મેળવ્યા પછી પણ તેની સારી વ્યવસ્થા કરવી.

पूजा धनेनैव न सत्कुलेन
कीर्तिर्धनेनैव न विक्रमेण ॥
रूपं धनेनैव न यौवनेन
क्रिया धनेनैव न जीवितेन ॥४॥

(૪) ધનવડે જ માણસ લોકમાં પૂજાય છે પણ ઉત્તમ કુલથી પૂજાતો નથી. ધન વડે જ કીતિ મળે છે, પણ પરાક્રમથી મળતી નથી. ધનવડે જ માણસ રૂપાળો કહેવાય છે પણ જુવાનીથી માણસ રૂપાળો કહેવાતો

નથી. ધનવડે જ અનેક પ્રકારની શુભ ક્રિયાઓ થાય છે પણ ઘણું જીવવાથી થતી નથી.

वृद्धाः प्रसिद्धा विबुधा विदग्धाः

शूराः श्रुतिज्ञाः कवयः कुलीनाः ॥

विलोकयन्तः सधनस्य वक्त्रं

जयेति जीवेति सदा वदन्ति ॥५॥

(૫) વૃદ્ધ, પ્રસિદ્ધ, પંડિત, ચતુર શૂરવીર, વેદપાઠી, કવિજન અને કુલવાન વગેરે ઉત્તમ પુરૂષો પણ ધનવાનના મ્હોં સામું જોઇ રહે છે; એટલું જ નહીં, પણ " તમે જયવંતા વર્તો "—" ઘણું જીવો " ઇત્યાદિ પ્રશંસાઓ નિરંતર કર્યા કરે જ છે.

ऋद्ध्यायुतं निश्चलपक्ष्मनेत्रं

मौनान्वितं देवमिवाकुलीनम् ॥

दीनः कुलीनः प्रणमत्कुलीनः

कृताञ्जलिः स्तौति धनाभिकामः ॥६॥

(૬) દેવ પ્રતિમાની પેઠે ફુલવિનાના, નિશ્ચલનેત્રવાળા, મૌન ધારણ કરેલા અને શૃંગાર સજેલા ધનવંત પુરૂષની, ધનના અભિલાષી કૂલવાન પુરૂષ પણ, રંકપણે હાથ જોડી પૃથ્વીનું આલિંગન થાય એવી રીત્યે નમસ્કાર કરી સ્તુતિ કરે છે.

तस्मादलब्धद्राविणस्य लाभे
लब्धस्य रक्षानियमे यतेत ॥
संरक्षमाणस्य सदा विवृद्धौ
वृद्धस्य च स्थानविभागसर्गे ॥७॥

(૭) તે માટે નિર્ધન માણસે ધન મેળવવાનો ઘણો યત્ન કરવો. ધન મળ્યા પછી તેની રક્ષા કરવાનો અને પછી રક્ષણ કરેલા ધનની વૃદ્ધિ કરવાનો પ્રયત્ન કરવો. ત્યાર બાદ વૃદ્ધિ કરેલા ધનની ઘટતા સ્થાનમાં વિભાગથી યોજના કરવાનો યત્ન કરવો.

धर्माधानेऽशशिशुचियमःप्रेयसीमित्रबन्धु
स्थानोत्साहोपचयविजयप्राणविद्याकलाप्तौ ॥
श्लाघ्ये देहप्रशमसमये निर्विवादे विभागे
वित्तत्यागे नभवति सतां ग्रन्थिबन्धानुबन्धः॥

(૮) સત્પુરૂષોને માટે નીચેના અઢાર પ્રસંગે ધન વાપરવામાં મૂલ ધનની ગ્રન્થિ બાંધીને બાંધી જ રાખવી—એવો કદાગ્રહ નથી. એવે પ્રસંગે ઘટતી છૂટ પણ હોવી જોઇએ. એ અઢાર પ્રસંગો આ પ્રમાણે છેઃ—(૧) ધર્મ પામવાના સ્થલમાં, (૨) ભોજન ખર્ચમાં, (૩) પવિત્ર વસ્ત્રાદિક રાખવામાં, (૪) અહિંસાદિમાં, (૫) સ્ત્રીની ખોરાકી પોષાકિમાં, (૬) મિત્રના ઉપકારમાં, (૭) બંધુ વર્ગના નિમિત્તમાં, (૮) ગૃહ પ્રમુખ યોગ્ય સ્થાન કરાવવામાં, (૯) પુત્રાદિના જન્મ ઉત્સાહમાં, (૧૦) શુભ કાર્યની વૃદ્ધિમાં, (૧૧) થતા વિજયમાં, (૧૨) પ્રાણના સંરક્ષણમાં, (૧૩) વિદ્યા પ્રાપ્તિમાં, (૧૪) ક-

લા પ્રાપ્તિમાં, (૧૫) સજ્જનોમાં કીર્તિ મળતી હોય તેમાં, (૧૬) દેહના અવસાન કાલમાં ઉપયોગી થાય તેવી યુક્તિમાં, (૧૭) કોઈ પ્રકારના કલેશ–કંકાસના અટકાવમાં, (૧૮) પોતાને આપવા યોગ્ય પ્રાપ્ત થયેલા વિભાગમાં ધનનો જરૂર ઉપયોગ કરવો.

गोष्ठीविटैश्चारणचक्रचर्या
वेश्यारतिः साधुविशेषगन्धः ॥
स्पर्धा सुवेशैर्निजवृत्तिलज्जा
प्रधानमेतन्निधनं धनानाम् ॥९॥

(૯) આટલાં કારણોથી જરૂર ધનનો નાશ થયાવિના રહે તેમ નથીઃ—પરસ્ત્રી લંપટ પુરૂષો સાથે ગુપ્ત ગોષ્ટીઓ કરવી એ ધન નાશ થવાનું મુખ્ય કારણ છે. ભાટ ચારણ જેવા મિથ્યા સ્તુતિ કરનાર પુરૂષો સાથે ગમનાગમન કરવું એ પરિણામે ધનનો નાશ થવાનું પ્રધાન સાધન છે. વેશ્યાની સાથે નીતિ બાંધવા

એ ધનનો ક્ષય થવાની નિશાની છે. ત્યાગી વૈરાગી પુરૂષોનો વિશેષ ગંધ લેવાથી-અર્થાત્ તેઓની ઘણી સોબત કરવાથી ધનનો વિયોગ જરૂર થશે એમ અનુમાન કરવું. તરેહ તરેહવારનાં વસ્ત્રાલંકાર ધારણ કરનાર લોકોને નિહાળી, તેના ઉપર સ્પર્દ્ધા કરવાથી અર્થાત્ તેના કરતાં પોતાનાં સ્ત્રી પુત્રાદિનાં વસ્ત્રાલંકાર સરસ કરી દેખાડવામાં રૂપ સ્પર્દ્ધાથી નિશ્ચય નિર્ધનપણું થશે એમ ધારવું. પોતાના કુલ પરંપરાથી ચાલી આવતી વૃત્તિનો (આજીવિકાનો) લજ્જાથી ત્યાગ કરવો એ ધનને નાશ પમાડવાનું કારણ ઉત્પન્ન કર્યું એમ સમજવું.

जायाशीलविवर्जिता व्ययव्रती मायानिकायः
सुहृदु प्पूरो गुरुरर्थभोगानिचयैर्बन्धुर्दरिद्रः शठः॥
दासश्चौर्यपरोऽलसश्च कुपदे पुत्रः खलैः पातितः सोऽयं क्लेशशताप्तसंचयनिधेः प्रत्यक्षलक्ष्यः क्षयः ॥१०॥

(૧૦) સેંકડો ક્લેશના સમૂહ ભોગવી સચય કરેલા ધનનો ક્ષય કરનારાં—પ્રત્યક્ષ દેખાતાં ચિન્હો અવશ્ય બંધ કરવાં. એ ચિન્હો આ પ્રમાણે છેઃ—શીલવિનાની ભાર્યા, ઘરમાં ઘણો ખરચ કરનારી ભાર્યા, કપટી મિત્રાઈ દેખાડનારો પુરૂષ, ખળ પુરૂષોએ કુમાર્ગમાં ચડાવેલો પુત્ર, સામાન્યપણે ખાનપાન ને પૈસાથી તૃપ્તિ નહીં પામતો ગુરૂજન, દરિદ્રી અને શઠ-એવો બંધુવર્ગ, ચોરી કરનારો અને આળસુ સેવક—આટલાં ચિન્હો જેના ઘરમાં દેખાય તે જરૂર નિર્ધન થશે એમ જાણવું.

दाक्ष्यं वित्तस्य मूलं सुनयपरिचयः संपदुद्यानसेकः प्रागल्भ्यं रत्नवर्षि व्यसनवनसमुन्मूलनं संयतत्वम् ॥ श्रीरक्षा मन्त्रगुप्तिर्विपदुपशमनं वर्जनं दुर्जनाना मालस्यं मानवानां धनवनज्वलिनासह्यभारस्तुषारं ॥११॥

(૧૧) ધનનું મૂલ કારણ ડહાપણ છે. સુનીતિનો અભ્યાસ કરવો એ સંપત્તિરૂપ બગીચાને જલ સિંચન સમાન છે. સર્વ કાર્યમાં હોંશિયારીથી ડહાપણ વાપરવું એ રત્નના વરસાદ સમાન છે. અનેક પ્રકારની બદફેલી (વ્યસનાદિ)માં ધસી જતાં ઇંદ્રિયો સ્વાધીન રાખવી એ કષ્ટરૂપ વનનું મૂલમાંથી ઉન્મૂલન કરવારૂપ છે. દુર્જનના સંગનો ત્યાગ કરવો એ વિપત્તિ શમાવનાર અને લક્ષ્મીની રક્ષા કરનાર ગુપ્તમંત્ર (ચમત્કાર) સમાન છે. ધનરૂપ કમલવનને નાશ કરવામાં મોટા હિમપાત સમાન માણસનું આલસ્ય—ખચિત બહુ સમજવા યોગ્ય છે.

हिमासहत्वं रवितापभीतिः
कथामतिर्मार्गजनप्रतीक्षा ॥
लज्जाभिमानः क्षणसंमुखत्वं
नक्षत्रचर्चा च धनस्य विघ्नाः ॥१२॥

(૧૨) ધન રક્ષણ કરવામાં મોટાં વિઘ્નો આ પ્રમાણે છે:—શીતનું ન સહન કરવાપણું; સૂર્યના તાપથી ભયપણું; કથા સાંભળવાનો ચડસ રાખવો; પોત પોતાના કામ કાજે જતાં આવતાં લોકોની પ્રતિક્ષા કરવી; લાજથી અહંકાર કરવો; જે જે તેહેવાર આવે તે સર્વેના મિજા[illegible] ભાવ ભજવવા; જન્મોતરી, વર્ષફ્લ, વાર, મુહૂર્ત્ત, તિથિ, નક્ષત્ર વગેરેની ચર્ચા પ્રમાણે ચાલવું—એ સઘળા પ્રકારો પૈસો પેદા કરવામાં અંતરાય સમજવા.

वेशः परिक्लेश विशेषचिन्ता

परोपरोधः स्ववशावलेपः ॥

नदीफलानामिव शीघ्रगानां

हानिर्धनानां ग्रहणे विलम्बः ॥१३॥

(૧૩) આવા પ્રકારના જ્યાં વેશ (આચરણ) હોય ત્યાં ધનનો નાશ થાય એમ સમજવું:—જ્યાં ઘણો ક્લેશ રહેલો માં, જ્યાં ધ-

નની વિશેષ ચિંતા થતી હોય ત્યાં,—એટલે વ્યાજ વધારે લેવા જતાં સમુળગું ધન ખોવાય! પારકું મુખ દક્ષિણ તરફ રાખવું—એટલે કે ફ-લાણા આશામી કનેથી તો જ્યારે લેવું ધારીશું ત્યારે લઇશું કારણ કે એ તો આપણે વશ છે—એવા વિશ્વાસનો અહંકાર રાખવો, અને નદીના વેગમાં પડેલા તણાતા ફલસી પેઠે,[ઉ]ઘરાણું કરવાનો વિલંબ કરવો એજ ધનની હાની થ-વાનું મુખ્ય કારણ છે.

गुरुगणकैरबुधानां क्षयचतुरैश्चौरमूषकैर्वणिजाम् ॥
कायस्थगायकगणैर्भूमिभुजां भुज्यते लक्ष्मीः। १४।

(૧૪) મૂર્ખ લોકોની લક્ષ્મી, ગુરૂ તથા જો-શી લોકો ખાઇ જાય છે. ક્ષય કરવામાં ચતુર એવા ચોર તથા મુષક (ઉંદરના જેવા ઠગ પુ-રૂષ) વાણિયાની લક્ષ્મી ખાઈ જાય છે. અને કારભારી તથા ગાયક લોકો રાજાઓની લક્ષ્મી ખાઈ જાય છે.

दारिद्र्येण कुलं मदेन कुशलं द्वेषेण विद्याफलं
शीलं दुर्जनसंगमेन मलिनाचारेण शुक्लं यशः ॥
आलस्येन धनं प्रयाति निधनं लौल्येन मानोन्नति-
र्याच्ञादैन्यपरिग्रहेण च गुणग्रामःसमग्रोनृणाम् १५

(૧૫) દારિદ્રયવડે કૂલનો, અહંકારવડે કુશલતાનો, દ્વેષવડે વિદ્યાફલનો, દુર્જનની સંગતથી શીલનો, મલિન આચરણથી સુંદર યશનો, આલસ્યથી ધનનો, અને લોલુપપણાથી માન મોટાઇનો નાશ થાય છે, રંકની પેઠે માગી લેવાથી પુરૂષોના સઘળા ગુણનો નાશ થાયછે.

मौग्ध्यान्मृगार्थी रघुनन्दनोऽपि
बाणः प्रमादाद्बलिरार्जवेन ॥
नलः कुसंगेन ययातिजश्च
क्लेशासहत्वात् व्यसनान्यवापुः ॥१६॥

(૧૬) શ્રી રામચંદ્રજી પણ પોતાની ભોળાઈથી સુવર્ણના મૃગ પાછળ દોડયા અને તેના

પરિણામે પોતાની પ્રિય પત્ની સીતાના હ-
રણાદિ મહા દુઃખ પામ્યા, માટે સમજવું કે
મુગ્ધપણું કષ્ટનું કારણ છે. બાણાસૂર પ્રમાદ
રાખવાથી પોતાની પુત્રી ઓખાના હરણમાં
પરાજય વગેરે ઘણાં કષ્ટ પામ્યો. માટે છતે
સામર્થ્યે પણ પ્રમાદ રાખવો નહીં—કારણ કે
તે દુઃખનું બીજ છે. બલિરાજા આર્જવતાથી
ત્રણ લોકનું રાજ્ય ગુમાવી દુખી થયો, માટે
કેવલ સરલ સ્વભાવ પણ અર્થનો નથી. એ-
નાથી દુઃખ પ્રાપ્ત થાય છે. નલરાજા કુસંગથી
બહુ કષ્ટ પામ્યો, માટે કુસંગતિ પણ દુઃખનું
કારણ સમજવું. યયાતિરાજાનો પુત્ર યદુરાજા
જરા દુખ સહન નહીં કરી શકતો હોવાથી
ઘણું કષ્ટ પામ્યો, માટે ઘણા સુખની પ્રાપ્તિ
થવા માટે થોડું દુઃખ સહન કરવામાં ગભરાઈ
જવું નહીં જોઈએઃ—સહનશીલ નહીં રહેવું એ
પણ દુઃખનું કારણ છે.

मौग्ध्यं प्रमादोऽविश्वासः कुसंगः क्लेशभीरुता॥
पञ्च संकोचदा दोषाः पद्मिन्या इव संपदः॥ १७॥

(૧૭) જેમ દોષા એટલે રાત્રી આવી પડવાથી સરોવરમાં રહેલી કમલિની સંકોચ પામે છે, તેમ આ પાંચ પ્રકારના દોષ આવવાથી સંપદ સંકોચ પામે છેઃ—(૧) મુગ્ધપણું, (૨) પ્રમાદ, (૩) અવિશ્વાસ, (૪) કુસંગ, (૫) કલેશથી ભય પામવાપણું—એ સર્વે સંપત્તિને સંકોચ પમાડે છે.

कूभूपकूपान्तरलम्बनात् प्राप्तं ।
वित्तानि रन्ध्रैर्वटसन्निभानाम् ॥
असंवृतैरिन्द्रियनामधेयैः ।
पुंसां पयांसीव परिस्त्रवन्ति ॥१८॥

(૧૮) રાજારૂપ ઉંડા કુવામાં લબાયમાન થઇને ગ્રહણ કરેલાં ધન ફુટેલા ઘડા જેવાં પુરૂષોનાં પ્રકટ દેખાતાં પણ ગુપ્ત કરેલાં ઈંદ્રિયો રૂપ છિદ્રોવડે જળની પેઠે સ્રવી જાય છે; અર્થાત્ જેની ઇંદ્રિયો વશ નથી તેની પાસે કદાપિ ધન ટકતું નથી.

सास्वादे नवसौरभेमधुलिहां पद्मोदरे बन्धनं ।
दीपेरूपरताःप्रयान्तिसततापातात्पतंगाक्षयम् ॥
गीतेनैवमृगाःपतन्तिकरिणीस्पर्शेननीतागजाः ।
तस्मादिन्द्रियसक्तिरेवसहसापुसांविपद्दूतिका ॥

(૧૯) રસ સ્વાદ અને સુંદર સુગંધ સહિત કમલના ઉદરમાં આસકત થઇ બંધન પામેલો ભ્રમર નાશ પામે છે. દીવાના રૂપમાં આસકત થયેલા તેમાં ઉપરાઉપર આવી પડતાં પતંગીયા નાશ પામે છે. શબ્દથી મોહ પામતા મૃગ, બંધનમાં પડી નાશ પામે છે. મોટો ખાડો કરી તેના ઉપર યુકિતથી ઉભી રાખેલી સુંદર કાગળની હાથણી, તેના સ્પર્શમાં આસક્ત થઈ દોડી આવતો વનનો હાથી જીવતા સુધી મહા દુઃખદાયી બંધનમાં પડે છે. માટે એક એક વિષયમાં આસક્ત થતાં પ્રાણીઓ પોતાના જીવનું જોખમ પામે છે તો પાંચે ઇંદ્રિયોને મોકળી મૂકી મનમાં આવતા વિષયો ભોગવનાર મનુષ્યો કેમ કષ્ટમાં નહીં પડે?

પડશે જ. માટે પુરૂષને ઇંદ્રિયોમાં આસક્તિ—એજ **આવશે એવી—આપત્તિરૂપ** રાણીને, આગળથી આવીને ખબર આપનારી દૂતિકા સમાન જાણવી.

कुलं कुवृत्त्या कलुषीकृतं तैः ।
कृतो गुणौघोतृणतुल्यमूल्यः ॥
मानस्य मूले निहितः कुठारः ।
प्राप्तं न वित्तं परिरक्षितं यैः ॥२०॥

(૨૦) જે પુરૂષો પોતાના ધનનું રક્ષણ કરી શકતા નથી, તેમણે પોતાનું કુલ ઉજળું કરવાને બદલે ઉલટું કલંકિત કર્યું સમજવું જે પુરૂષો પોતાના ધનનું રક્ષણ કરી શકતા નથી તેમના પોતાના ગુણ સમૂહની કિમત તરણા તુલ્ય થઇ એમ સમજવું. વળી તેમણે પોતાના માનને મૂલથી નિકંદન કરવા કુહાડાનો ઉપયોગ કર્યો એમ જાણવું.

जातःसत्कुलजःसनीचविनयीसेवावमानैरथः ।
तस्योग्रंपतितःस्वमानयशसोद्रोहेणशापानलः॥
तेनास्वास्तिमतास्वहस्तनिहितंयाच्ञाविषंभक्षितं।
वित्तंयेननरक्षितंरिपुमुखंतेनास्थितंवीक्षितुम् २१

(૨૧) જે પુરૂષો ધનનું રક્ષણ કરી શકતા નથી તેઓને કુલવાન હોય તો પણ નીચ પુરૂષનો વિનય કરવો પડે છે. એમ સમજવું કે તેવા પુરૂષો પોતાના માન તથા યશરૂપ મહા ઉત્તમ પુરૂષાર્થના દ્રોહથી–તેના શાપરૂપ અગ્નિ જ્વાળામાં ઝીપલાયલા છે. અર્થાત્ તેમને સ્વમાન અને યશ મળતાં જ નથી, તેથી દુખી થઈ તેઓ પોતાનેજ હાથે યાચના કરવારૂપ વિષનું ભક્ષણ કરી મરણ પામે છે. કિંવા રંક થઇને શત્રુના મ્હોં સામું જોઈ રહે છે! એટલા જ માટે ધન રક્ષણની યુક્તિ સત્પુરૂષથી અવશ્ય હરકોઇએ શિખવી જોઇએ.

ध्यावन्तसेवितुमेति साधुरधमं वन्ध्यस्ततो या-
त्यसौ । नीता मूल्यतुलां गुणाश्च गुणिभिःकिं-
चिन्नगृह्णाति ताम् ॥ याच्ञामानमहाशनिर्ध-
नक्ृता प्राप्तं न किंचित्तया। किं किं वा न वि-
धीयते धनधिया धन्यस्य यस्यास्ति तत्॥२२॥

(૨૨) સાધુ પુરૂષ અધમ ધનાઢ્યની સેવા કરવા દોડે છે તથાપિ તે પણ મળવી તેને દુર્લભ થઈ પડે છે. આમ હોવાથી ગુણી જનો પોતાની ગુણરૂપ અમૂલ્ય વસ્તુને થોડા ધનને માટે પણ કાંટે ચઢાવી જોખી જોખીને આપવા માંડે છે, તો પણ તે ધનાઢ્ય પુરૂષ લેતો નથી અને તેથી આખરે માનનો નાશ કરવામાં વજ્રપાત સમાન—એવી તેની યાચના કરે છે. યાચનાથી પણ કાંઈ મળતું નથી. ત્યારે ધનાઢ્યનું નહી કરવાનું કાર્ય પણ ગુણી પુરૂષો ધન મળવાની આશાએ કરે છે, માટે જેમની પાસે ધન છે તેમને જ ધન્ય છે.

विद्याकलापरिचयः क्षितिपालसेवा ।
दिग्द्वीपमार्गगिरिसंभ्रमणप्रयासः ॥
युद्धक्रियाश्च भुवि भोजनलाभलोभाः ।
तद्वित्तलभ्यमिति वित्तवतां प्रवादः ॥२३॥

(૨૩) વિદ્યા કલા, સત્પુરૂષનો પરિચય, રાજાની સેવા, એ સર્વે ધનથી જ પ્રાપ્ત થાય છે. વળી દિશાઓમાં, દ્વીપમાં, માર્ગમાં, પર્વતમાં ધનને અર્થે જ ભ્રમણ કરવાનો પ્રયાસ કરવો પડે છે. ધનને અર્થે યુદ્ધમાં જઈ માથું કપાય છે. સારાં સ્વાદિષ્ટ ભોજન વગેરેનો લાભ ધનથી જ થાય છે. એવો ધનવાન પુરૂષોનો પ્રવાદ છે, અર્થાત્ છાતી ઠોકીને કહું છું કે એ સર્વ વાત સાચી છે, માટે ધનનો સંચય કરો.

तावद्धर्मकथा मनोभवरुचिर्मोक्षस्पृहा जायते।
यावत्तृप्तिसुखोदयेन न जनः क्षुत्क्षामकुक्षिः क्ष-

णम् ॥ प्राप्ते भोजनचिंतनस्य समये वित्तं नि-
मित्तं विना । धर्मे कस्य धियःस्मरं स्मरति कः
केनेक्ष्यते मोक्षभूः ॥ २४ ॥

(२४) પુરૂષોને જ્યાં સુધી ઉદર તૃપ્તિ થાય છે, ત્યાં સુધી ધર્મકથા, કામકથા, મોક્ષકથા,– એમાં સ્પૃહા થાય છે. ક્ષુધાથી ક્ષણમાત્ર પેટ ચોંટી જાય છે, ત્યારે ભોજનની ચિંતામાં જીવ વ્યાપ્ત બની જાય છે, તે ભોજન ધન વિના થતું નથી. ધન વિના ધર્મમાં પણ બુદ્ધિ ક્યાં થી થાય? કામની વાત પણ ક્યાંથી સાંભરે? મોક્ષની દિશા સામું ધનવિના કયો પુરૂષ નિહાળે? અર્થાત્ ચારે પુરૂષાર્થ ધનથી જ સિદ્ધ થાય છે.

अर्थाकृष्टिं विधातुं कटुरटनपटुर्दाम्भिक श्री
जडानां । जानात्यन्यासहिष्णुर्वितथनिजगुण-
स्तोत्रपाठेष्वलज्जः ॥ आर्यः कुर्यान्न सेवां कु-

कविनयगुणैस्तेन मूकोऽर्थनायां। तीक्ष्णानां मार्गणानां भवति हिपुरतः क्ष्मापतेर्लक्षलाभः ॥

(૨૫) પ્રત્યક્ષ મીઠું બોલનાર, પરોક્ષ ભુંડું બોલનાર, પારકા ઉત્કર્ષને સહન નહીં કરનાર, જેને પોતાના મિથ્યા ગુણ કેહેવાને લાજ નથી એવો દાંભિક પુરૂષ, લક્ષ્મીથી જ જડભાવને પામેલા પુરૂષોનું ધન ગ્રહણ કરવાનો પ્રકાર જાણે છે, અને કુલવિનયાદિ ગુણથી અણુઘટતી સેવા નહીં કરનાર તથા યાચના પણ નહીં કરનાર—એવો આર્ય પુરૂષ રાજાથી લાખગણો લાભ પોતાની યુક્તિથી પામે છે. કિંવા તેવો પુરૂષ માર્ગણ એટલે બાણની આગળ થાય છે. અર્થાત્ મોટી લડાઈઓમાં ઉતરીને લાખો રૂપિયાનો લાભ રાજાથી મેળવે છે.

કામ.

ललितललनालीलोदञ्चद्विलीलविलोचनोत्प-
लवनरुचां चञ्चन्तीनां चयैरिव चर्चिता ॥
सुरभिसुहृदः पक्षच्छायावृतेव च षट्पदैः कु-
समधनुषः श्यामा मूर्तिस्तनोतु सुखानि वः ॥१॥

(૧) લીલાથી પ્રફુલ્લિત થયેલા નેત્ર કમલના (સુંદર સ્ત્રી ઉપર હજારો પુરૂષનાં નેત્રો ઉપરા ઉપર પડે છે, તેથી તે સ્ત્રી રૂપ કામદેવની શામ મૂર્તિ જાણે કમલથી પૂજેલી હોય—એવી અપૂર્વ શોભા ધારણ કરે છે) સમૂહની ચળકતી કાન્તિવડે જાણે પૂજેલી વસંતઋતુરૂપ મિત્રના પક્ષની જાણે છાયા પડી હોય—એમ ભ્રમરના સમૂહથી વિંટાયલી અને કુસુમ ધનુષ્યની (કામદેવની) જાણે શ્યામ મૂર્તિ હોય—એવી શ્યામા (સોળ વર્ષની સુંદરી) દેવી તમારાં સુખ વિસ્તારો.

भ्रमद्भ्रमरकेतकीविकसदेकपत्रप्रभाः ।
सनीलमणिनायका इव विमुक्तमुक्तालताः ॥
दृशः शशिकला इव प्राचितपक्ष्मलेशांकिता ।
जयन्ति हरिणीदृशाममृतकालकूटच्छटाः ॥२॥

(૨) જેમાં ભ્રમર ભ્રમણ કરે છે—એવા કેવડીના શોભિતા પત્રના જેવી જેની પ્રભા-(કાન્તિ) છે; જેમાં કાળો મધ્ય મણિ નાયક છે—એવી જાણે મોટી મોતીની લતા પ્રમાણે શોભી રહેલી છે; પુષ્ટ, સુંદર, અને મધ્યે શ્યામા (પાર્વતિ)ના પ્રતિબિંબ સહિત શિવજીના માથા ઉપર રહેલી ચંદ્રકલા સમાન સુશોભિત છે, એવી કે જેની અમૃત અને કાળકૂટ ઝેર જેવી દૃષ્ટિ (કટાક્ષ) છે–તે સુંદર સ્ત્રીઓ જય-વંતી વર્તો. અર્થાત્ સ્ત્રી રીઝે તો અમૃત સમાન અને ખીઝે તો કાળકૂટ ઝેરની પેઠે પ્રાણ હરનારી છે—એવા બે ગુણો જેની નજર પડવામાં સાક્ષાત્ છે, તે સ્ત્રીઓ જયવંતી વર્તો.

ऋतु धनानां फलमग्र्यमाहुः ।
फलं क्रतूनामविवादि पुण्यम् ॥
पुण्यस्य पूर्णं फलमिन्द्रलोको-
द्विरष्टवर्षाः स्त्रिय एव नाकम् ॥३॥

(૩) ધનનું મુખ્યફલ યજ્ઞયાગ કરવો તે છે. યજ્ઞનું સુંદર ફલ ઉત્તમ પુણ્ય થાય તે છે. સારા પુણ્યનું ફલ સ્વર્ગ છે, અને સ્વર્ગ પામવાનું ફલ સુંદર સ્ત્રી છે.

एताः सन्ति वधूविलासकुटिलाभ्रूकार्मुकश्रेणयः ।
कर्णान्तायतपातिनश्च तरुणीनेत्रत्रिभागेषवः ॥
निर्दग्धोऽन्धकवैरिणा नवमनःक्षोभाभियोगोद्भ-
वात्संरम्भादविचार्यकेवलमसौ मिथ्या तपस्वी स्मरः

(૪) વિલાસવિષે કુટિલ-એવી ભ્રકુટી રૂપ ધનુષ્યની પંક્તિઓ જેનામાં જોવામાં આવે છે, કર્ણ પર્યંત દીર્ઘ-લાંબાં પડતાં એવાં નેત્ર, (નેત્રનો ત્રીજો ભાગ) કટાક્ષરૂપ બાણ

જેનામાં દૃષ્ટિગોચર થાય છે, એવી સ્ત્રી તો મૂર્તિમાન કામદેવ સમાન છે; પરંતુ અંધકના વૈરી મહાદેવે મનના ક્ષોભે કરીને ઉત્પન્ન થયેલા ક્રોધવડે-વગર વિચારે કેવલ આ બિચારા સ્મર નામના તપસ્વિને મિથ્યા મારી નાખેલો છતાં તે જીવતો જ છે; કારણ કે સ્ત્રીનું સ્વરૂપ-એ જ કામનું સ્વરૂપ છે.

लज्जावक्रे मनसिजधनुर्भ्रूविलासेन तन्व्या ।
श्चिन्तापाण्डुः स्पृशति कृशतां वक्त्रकान्त्या शशांकः॥
यात्येवाधः प्रहसितरुचिर्दोर्लताभ्यां मृणाली ।
क्लिन्नं धत्ते कुवलयकुलं कालिमानं कटाक्षैः॥५॥

(૫) સામુદ્રિક શાસ્ત્રમાં કહેલાં લક્ષણોએ સંપૂર્ણ—એવી સુંદરીના કામના ધનુષ્ય જેવી ભ્રકુટીના વિલાસથી, લજ્જા પામેલો ચંદ્ર નમ્રતાથી વાંકો વળી ગયેલો જણાય છે. એ જ ચંદ્ર બીજથી દિન દિન પ્રત્યે વૃદ્ધિ પામી પુર્ણીમાને દિવસે સંપૂર્ણ કલાને પ્રાપ્ત કરે છે,

તો પણ સુંદરીના મુખની કાન્તિથી જીતાય-લો હોવાને લીધે ચિંતાથી પીળો થઈ દિન પ્રતિદિન દુર્બલ થતો ક્ષય પામે છે. સુંદરીના હાથરૂપ લતાએ જેની કોમલ કાંતિનું ઉપ-હાસ્ય કર્યું છે—એવી મૃણાલી (કમલિની) પોતાનું મુખ માત્ર જળથી બહાર રાખી બીજો તમામ ભાગ નીચે સંતાડી રાખે છે. વળી નપુસક કમલનું ફુલ પણ સુંદરીના કટાક્ષથી લજ્જા પામી શ્યામપણું ધારણ કરે છે. અર્થાત્ સુંદરીના અંગની ઉપમા આપી શકાય એવી કોઇપણ વસ્તુ આ જગત્માં નથી.

अयोमयानां हृदयेषु तेषां ।
कोऽप्यस्ति नूनं कुलिशोपदेशः ॥
सोढानि यैः प्रौढविलासिनीनां ।
कर्णान्तमुक्तानि विलोचनानि ॥६॥

(૬) જે પુરૂષોએ, મહા ચતુર એવી સ્ત્રી-ઓનાં-કર્ણપર્યંત ખેંચી મૂકેલાં કટાક્ષ-બાણ

સહન કર્યાં છે, તે પુરૂષોના લોહમય હૃદયમાં ખચિત કોઈ પણ વજ્ર સમાન વૈરાગ્યનો ઉપદેશ રહેલો હોવો જોઇએ; કારણ કે તેમના હૃદયમાં તે બાણ લાગી શકતાં નથી ! ! જો એમ ન હોય તો એ બાણથી બચવું એ પુરૂષોના સંબંધમાં બહુ વિકટ કાર્ય છે.

कुवलयमयी लोलापांगे तरंगमयी भ्रुवोः।
शशिशतमयी वक्त्रे गात्रे मृणाललतामयी ॥
मलयजमयी स्पर्शे तन्वी तुषारमयी स्मिते ।
दिशति विषमं स्मृत्या तापं किमग्निमयीव सा ॥७॥

(૭) વળી તે તન્વી—શરીરનાં સકલ લક્ષણસંપન્ન સ્ત્રી, ચંચલ એવા અપાંગ ભાગમાં (નેત્રના પ્રાંત ભાગમાં) કમલમય છે. તેની ભ્રકુટી જલ તરંગ જેવી શીતલ છે, તેનું હાસ્ય હિમાલયના જલબિંદુ સમાન શિતલ છે. આવી રીતે તે સુંદરીના શરીરમાં સર્વ શિતલ પદાર્થો ભરેલાં છતાં—તેનું સ્મરણ કર-

તાંવાર-તો વિષમ તાપ ઉત્પન્ન કરે છે. માટે શું તે અંદરથી અગ્નિમય છે ?

स्मरशरनिशिताक्ष्याः कम्पयन्ते न केषां ।
कुरव इव कटाक्षाः प्रौढशल्या मनांसि ॥
भुवनजनजिगीषोत्साहयोगाय येषां ।
अतिचपलतराणां निश्चला कर्णमैत्री ॥८॥

(૮) કામનાં બાણ જેવાં જેનાં તિક્ષ્ણ નેત્ર છે, એવી સુંદરીના કૌરવના મહા શલ્ય સરખાં કટાક્ષો કોનાં મન નહીં કંપાવે ? સ-ર્વનાં. કારણ કે જગતનાં જનને જીતવાની ઈચ્છાના ઉત્સાહનો યોગ થવાથી, અતિશય ચંચલ થયેલા એવા તે કટાક્ષરૂપ કૌરવને, કર્ણ સાથે નિશ્ચલ મિત્રતા થઈ છે, માટે હવે જગતને કંપાવે તેમાં અચરતી શી ?

स्तनस्थली हारिणि सुन्दरीणां ।
नितम्बबिम्बे रशनासनाथे ॥

धत्ते विशेषाभरणाभिमान ।

लीलानखोल्लेखलिपिप्रपञ्चम् ॥९॥

(૯) સ્ત્રીના સ્તન મંડળની શોભા તો વાસ્તવિક જનના મનને હરનારી જ છે અને તેમાં વળી હારની શોભા આવી મળી, એટલે શી મણા રહે? તથાપિ તેની શોભાને હઠાવનાર ઉત્પન્ન થયલો નિતંબબિંબ જણાય છે, એટલું જ નહી પણ તેના ઉપર નાનાપ્રકારના, મણિ યુક્ત બાંધેલી કટિમેખલાની વિચિત્ર કાન્તિરૂપ અક્ષરો લખેલા જણાય છે અને એજ સ્તનમંડળ કરતાં નિતંબબિંબની શોભા વધારે છે. માટે કોઈ ભૂલાવામાં પડશો નહીં!

यत्कान्ताविलसद्विलासहसितस्वच्छांशवश्चामरं।

संसक्तावभिषेकहेमकलशौ यच्चन्दनांकौस्तनौ॥

यत्कार्तस्वरकान्ति चारु जवनं सिंहासनं भू-

भुजां । साम्राज्यं तदिदं जयाजयमयः शेषस्तु

चिन्तामयः ॥१०॥

(૧૦) શોભિતા વિલાસ હાસ્યનાં નિર્મલ કિરણો સુંદર સ્ત્રીને ચામર સમાન છે. પરસ્પર મિશ્ર થયેલાં તથા ચંદનથી અંકિત થયેલા સ્તનો સુંદર સ્ત્રીને રાજ્યાભિષેક કરવાના સુવર્ણના કલશની જગાએ છે અને સુંદર જઘન સ્થલ સુંદર સ્ત્રીને સિંહાસન બરાબર છે; અર્થાત્ એ પ્રકારનું—એટલે એવી રાજ્યચિન્હ દર્શક સુંદરી જ રાજાઓને ખરૂં ચક્રવર્તિપણું છે એમ કહીએ તો કશું ખોટું નથી; કારણ કે અન્ય ચક્રવર્તિપણું જયપરાજય યુક્ત હોવાથી ચિંતાગ્રસ્ત આડંબર સમાન છે.

नासादितानि वनवासदृढव्रतेन ।
चित्राणि नेत्रचरितानि मृगैर्मृगाक्ष्याः ॥
तत्कान्तिरुज्वलरुचिव्यसनादहोनु ।
हेम्ना हुताशपतनैरपि नैव लब्धा ॥११॥

(૧૧) સ્ત્રીનાં નેત્રનાં ચરિત્ર, વનના હરણોએ વનવાસ વગેરે મોટાં તપવ્રત કરીને શિ

ખવા માંડ્યાં; પણ તે સ્ત્રી નેત્રનાં જેવાં ચમત્કારિક આવડયાં નહીં! સોનાએ પોતાની કાન્તિ કરતાં સ્ત્રીના શરીરની ઉજ્વલ કાન્તિ નિહાળી તે પ્રાપ્ત કરવાની ઇચ્છાએ અગ્નિમાં ઝંપાપાત કર્યો તો પણ અદ્યાપિ તેવી કાન્તિ તેનાથી મેળવી શકાઈ નહીં! એ મોટું આશ્ચર્ય છે.

अभिनवपयोधरोद्गतिविषमस्थितिहारहंसमुखपतिता ॥ शैवलवलीव चास्यास्त्रिकवालता भाति रोमलता ॥१२॥

(૧૨) નવા ઉદય પામતા પયોધર (સ્તન તથા મેઘ) થી વિષમ સ્થિતિવાળા હારરૂપ હંસ, તેમના મુખ થકી પડેલી સેવાળની જાણે મંજરી હોય—એમ જણાતી, એ સ્ત્રીની ત્રિવલીમાં રહેલી રોમરાજી શોભે છે.

नेयं तरुण्यास्त्रिवलीतरंग ।

कुसंगिनी राजति रोमराजिः ॥

स्नात्वा गतोऽस्यां स्मरकेलिवाप्यां ।
कलंकलेखामपहायचन्द्रः ॥१३॥

(૩) સ્ત્રીના ત્રિવલીરૂપ તરંગ એ જ કુસંગે કરીને આ રોમરાજી શોભતી નથી. કેમકે એ રોમરાજી નથી. એ તો કામક્રીડાની વાવરૂપ નાભી કુંડમાં સ્નાન કરી કલંક લેખાનો ત્યાગ કરીને ગયેલો ચંદ્ર,—એટલે કલંક રહિત મુખ ચંદ્રરૂપે જણાય છે. અર્થાત્ જેમ કોઈ ચમત્કારિક કુંડમાં સ્નાન કરવાથી પાપ રહિત થઈ રૂપાન્તરને પામે; તેમ કામદેવને બહુ મદદ આપવાથી ચંદ્રને પાપરૂપ કલંક ચોટયું હતું. માટે સ્ત્રીના ગંભીર નાભીરૂપ કુંડમાં સ્નાન કરી નિષ્કલંક થઈ મુખરૂપ ઉચ્ચસ્થલને પામી, લોકમાં મુખચંદ્ર એ પ્રકારની પ્રસિદ્ધિને પામ્યો જણાય છે.

कर्णे कोकिलकामिनीकलरवः संतप्तसूचीच-
यः । फुल्लाशोकपलाशचम्पकवनाद्युद्दामदावा-

નલઃ॥तन्वंग्या विरहे वसन्तसमयः कालःकि-
मन्यो नृणां। देहोच्चाटनमेत्र पट्पदघटाघ्राणा-
तिथिर्मन्मथः ॥१४॥

(૩) વસંત ઋતુમાં સ્ત્રીને પુરૂષનો અને પુરૂષને સ્ત્રીનો વિયોગ થાય, ત્યારે કોકિલાનો મધુર સ્વર તપાવેલી સૂઇના ડામ જેવો લાગે છે. પ્રફુલ્લિત આસોપાલવ તથા પલાશ (ખાખરનાં વૃક્ષ) અને ચંપાનાં મોટાં વન દાવાનલ જેવાં દીપતાં લાગે છે. માટે મનુષ્યોના દેહનું ઉચ્ચાટન કરનારો અને ભ્રમરની ઘટાના શબ્દ સાંભળી આવેલો મન્મથ (મનનું મથન કરનાર એવો કામદેવ) એજ કાલરૂપ થાય છે, તે વિના બીજો જણાતો નથી.

आपाण्डुता मदनकीर्तिसखी मुखेन्दौ ।
प्रौढिं त्रिभर्ति विरहे हरिणायताक्ष्याः ॥
अच्छिन्नबाष्पनिसरारुणनेत्रकोण ।
लीनप्रतापमिव मन्मथमुद्वहन्त्याः ॥१५॥

(૧૫) હરિણિના જેવાં જેનાં દીર્ઘ નેત્ર છે એવી ઉત્તમ સ્ત્રીને સ્વામીનો વિયોગ થાય ત્યારે, તેના મુખરૂપ ચંદ્રની ઉપર કામાગ્નિની સૂચના કરનારી લગાર પીળાશમાં ઘણો વધારો થાય છે. નિરંતર આંસુની ટસોથી વ્યાપ્ત થએલા લાલનેત્રના ખુણા, સંતાઈ પેઠેલા કામનો મૂર્તિમાન—જાણે કોઈ પ્રતાપ હોય, એવી વિરહણી સ્ત્રી જણાય છે.

वियोगे तन्वंग्या हृदयदमने दैन्यसदने।
घनेभर्तृस्नेहान्मदनदहने धैर्यचलने ॥
समासन्ने चिन्ताव्यसनशमने प्राणगमने ॥
तनुस्तापम्लाने वलति नलिनीपत्रशयने॥१६॥

(૧૬) હૃદયને દમન કરનાર, રંકપણાને રહેવાના ઘરરૂપ, ભર્ત્તાના સ્નેહથી પુષ્ટ થયેલો જેમાં કામરૂપ અગ્નિ લાગે છે તે, ધીરજપણાને છોડાવનારો, ચિંતારૂપ કષ્ટથી યમરાજ સમાન”! અને પ્રાણનું ગમન કરાવનાર—એવો

સ્વામીનો વિયોગ, પાતળા અંગ વાળી સ્ત્રીને પ્રાપ્ત થયા છતાં શરીરના તાપથી પત્રો જેમાં કરમાઈ જાય—એવી કમલપત્રની શય્યામાં પડતું નાંખ્યા વિના અન્ય ઉપાય નથી.

दाक्षिण्यप्रणयेन पादपतिते कान्ते मया नेक्षिते । प्राणानां ज्वलितः प्रवासपिशुनः शापानलः पश्यसि ॥ एतैः संभ्रमकातरे किमधुना मिथ्यासमाश्वासनैः । संतापाय सखि त्वयैव ननु मे मानोपदेशः कृतः ॥१७॥

(૧૭) કોઈ સ્ત્રી સખીને કહે છે કે, તું તો માપમાન રાખવા ગઈ, પરંતુ તેમાંથી મને તો મહા સંતાપ થયો કેમકે વિચક્ષણ પણાના સ્નેહથી મારા પગમાં નમી પડેલા, કામાતુરપણાથી રંક થયેલા—સ્વામી ઉપર મેં નજર પણ ન નાખી તો હવે મારા પ્રાણને જવાની સૂચના કરનાર મેં ના કહી તે રૂપ શાપનો અગ્નિ પ્રદિપ્ત થયો. તેને તું દેખે

છે ? નથી દેખતી. હવે મારૂં આશ્વાસન શા માટે કરે છે ? તેંજ મને માન રાખવાનો મિથ્યા ઉપદેશ કર્યો. એવી રીતે તેને ઠપકો દેવાનું તાત્પર્ય એટલો જ છે કે જેમ તેમ કરીને તું મારા સ્વામીને સમજાવી લઇ આવ નહીં તર મારા પ્રાણ જશે ! !

समायाते पत्यौ बहुतरदिनप्राप्यपदवीं ।
समुलंघ्या चिन्नागमनचतुरं चारुनयना ॥
स्वयं हर्षोद्वाष्पाहरति तुरगस्यादरवती ।
रजः स्कन्धालीनं निजवसनकोणावहननैः १८

(૧૮) ઘણા દિવસ નિર્ગમન કરવાથી જે ઉલ્લંધન થાય—એવા માર્ગને થોડા કાલમાં ઉલ્લંઘન કરી ઘોડે બેસી શિઘ્રપણે ઘેર આવેલા સ્વામીને, હર્ષથી જેની આંખોમાં આંસુ આવેલાં છે—એવી સુંદર નેત્રવાળી સ્ત્રીએ પોતાની મેળે જ અતિ આદરથી પોતાના સ્વામીના ખભાપર વળગેલી ધૂળ હતી માટે જ ઈશ્વરેચ્છાએ

તમારૂ શિઘ્રપણે આગમન થયું. સ્ત્રીએ પોતાના વસ્ત્રના છેડાવડે કેટલીક કામક્રીડાની શિઘ્રપણે ચેષ્ટા જણાવી પ્રતિબોધ આપ્યો.

वासः कम्पाविश्रृंखलं वितिलकं स्वेदोद्गमा-
दाननं । संदष्टोऽधरपल्लवः कलयति श्वासो-
ष्मणा म्लानताम् ॥ दूति त्वद्वचने शठस्यक-
ठिनस्याग्रे गते कुण्ठतां । मत्स्नेहाद्विहितस्त्वया
कुपितया क्लेशप्रवेशः कियान् ॥१९॥

(૧૯) કોઇ સ્ત્રીએ પોતાના પતિને બોલાવવા માટે પોતાની (દૂતીને) દાસીને મોકલી પરંતુ તે દાસી તે જ પતિસંગે ભોગ વિલાસ કરી જેમની તેમ એકલી પાછી આવી ! અને તેણે કહ્યું,—એતો કંઈ મારૂં કહ્યું માનતો નથી !! દાસીના આવા પ્રકારના બોલવાથી તથા તેના થયેલા સ્થિત્યંતરથી તેની ચતુર સ્વામિની સમજી ગઈ અને લાગલું જ તેણે નિચે પ્રમાણે મર્મથી કહ્યું:—

હે દાસી, તું બહુ ઉતાવળી ગયેલી તેથી તારૂં પેહેરેલું વસ્ત્ર શિથિલવિથિલ થઈ ગયું છે, ઘણી મેહેનતથી પરસેવો વળેલો તેથી તિલિક વિનાનું તારૂં મુખ જણાય છે, ઘણો શ્વાસોશ્વાસ ચડી જવાથી દશેલો નીચેલો હોઠ રૂપ પલ્લવ પણ મ્લાન પણાને પામેલો જણાય છે, અને એમ હોવાથી જ એ કઠણ હૃદયનાશઠ એવા પુરૂષની આગળ તારૂં વચન રૂપ બાણ બુઠું થયું તો પણ તને શાબાશ છે કે મારા સ્નેહથી તેના ઉપર કોપાયમાન થઈ તેં તેની કને મેહેનત કરાવી તેને ઘણો કષ્ટમાં નાંખ્યો! વાહ ઘણું સારૂં કર્યું !!

व्याप्ता स्वशोकज्वलनेन दिक्षु ।
निरन्तरापातशिलीमुखासु ॥
रूद्धासु जालैर्वनमञ्जरीणां ।
नष्टा गतिः पान्थकुरंगकस्य ॥२०॥

(૨૦) પાંથ (પરદેશથી પોતાને ઘેર જવા ચાલેલા) રૂપ હરિણની પોતાને જીના થયેલા

વિયોગરૂપ શોકાગ્નિથી વ્યાપ્ત થયેલી ગતિ, જેમાં પ્રથમ શિલીમુખ (ભ્રમર તથા બાણ) આવી પડે છે એવી તથા વનની મંજરીઓના સમૂહથી રોકાયલી છે એવી દિશાઓમાં નષ્ટ થઈ ગઈ અર્થાત્ ચોમાસું આવી ગયું તેથી ઘેર ન જવાયું.

विकसति सहकारे दुःसहे कर्णिकारे ।
मधुकरपरिहारे प्रस्मिते सिन्धुवारे ॥
अहह विरहभीत्या कामिनीं कण्ठलग्नां ।
त्यजाति नववसन्ते हन्त कापालिकः कः॥२१॥

(૨૧) જે સમયમાં આંબાનું વન પ્રફુલ્લિત થયેલું છે, જે સમયમાં ભ્રમરનો ત્યાગ કરનારા પણ પુષ્કળ વિકસ્વર થયેલા કણેરના વનને નિહાળી સિંધુવાર (નગોડનાં વૃક્ષ) નું વન પ્રફુલ્લિત પણે હસે છે, તે સમયમાં વિરહના ભયથી કંઠે વળગેલી કામિનિને કોણ કાપાલિક પણ ત્યાગ કરી શકે? અર્થાત્ હાથમાં કાચલી

લઈ ભીખ માગનાર પણ વસંતઋતુમાં સ્ત્રી-
નો ત્યાગ કરી પરદેશમાં ન જાય તો બીજાથી
તેનો ત્યાગ જ કેમ થાય? તેમ છતાં જો કોઇ
ત્યાગ કરે તો તે મહા ખેદજનક વાર્તા ગણાય!

तन्वङ्ग्या नवसंगमे व्यवसिते कान्ते बला
न्मेखलां। मोक्तुं श्वासविकासकम्पाविकला कण्ठे
लुठन्त्याः सुधाम्॥ मीलत्पद्मनिपीडितालिक-
णिता क्लीबाः किरन्ति क्षणं। धन्यानां नन-
मेति निःसहतया हुंकारगर्भा गिरः ॥२२॥

(૨૨) કૃશ અંગવાળી સ્ત્રીના નવ સંગ-
મનો જ્યારે તેના સ્વામીએ નિશ્ચય કર્યો, ત્યારે
બળાત્કારે કટિમેખલા દુર કર્યા પછી સ્વામી-
ના કંઠને વિષે વળગેલી, પણ શ્વાસ તથા
કંપારાથી રહિત થયેલી, સારી રીતે મીંચી રા-
ખેલા નેત્ર કમલમાં કાળી કીકીરૂપ ભ્રમરને
દબાવવાથી જાણે પીડા થાય છે એમ સૂચવતી,
"ના, ના!" "માં, માં!" એવા પ્રકારના

અમૃતાક્ષરનું ઉચ્ચારણ કરતી. નહીં સહન થ-વાથી જ જાણે જેના મુખમાં "હું" કાર હોય-એવી ધૈર્યની રહીત થયેલી સ્ત્રીની વાણી ખ-ચિત ક્ષણમાત્ર તો ધન્ય પુરૂષની વાણીથી પણ આગળ ગયેલી ગણાય છે !

गाढालिंगनानिश्चलांगलतिका कान्तेन रुद्धा बला । दालम्ब्यालकवल्लरी विदधता वक्राम्बुजे चुम्बनम् ॥ कम्पप्रस्फुरितारुणाधरदला बाला-निमील्याक्षिणी । मन्ये मानसजन्मजीवजननं जप्यं समभ्यस्यति ॥२३॥

(૨૩) ગાઢ આલિંગન આપવાની જેની અંગરૂપ લતા નિશ્ચલ થઈ છે, સ્વામીએ કેશથી બળાત્કારે પકડી જેના મુખકમલને વિષે ચુંબન કરેલું છે, અને જેનો નિચેનો હોઠરૂપ પલ્લવ કંપારાથી સ્ફુરણાયમાન થઈ રહેલો છે એવી બાળા (સોળ વર્ષની સુંદરી) નેત્ર મીચીને કામદેવને ઉજ્જીવન કરવાનો જાણે મંત્ર જપતી હોય, એવી સ્તંભિત થાય છે ?

केनैते विशिखा: स्फुरच्छिखिशिखाशाखास-
खामानिनी । मौनोन्माथपृथुप्रथाविरहिणीनिः-
श्वासपक्षानिला: ॥ सह्यन्ते रतिवल्लभस्य ल-
टभानेत्रान्ततीक्ष्णाननाः । संदष्टाधरपल्लवाग्रत-
रुणीसीत्कारशूत्कारिणः ॥२४॥

(२४) स्फुरणायमान मयुरनी शिखाना विस्तार सरखा, मानिनीना माननुं उन्मूलन—एवी विख्याति करनारा, विरहिणी स्त्रीना निश्वासरूप वायु जेने पक्षपाती छे एवा, सुंदर स्त्रीनां कटाक्ष सरखां जेनां तिक्ष्ण मुख छे एवा, स्वामीए नीचेना होठरूप पल्लवनो अग्र दशेलो होवाथी तरुणीना शीत्कार शब्दने शुत्कार एटले तिरस्कार करे एवा, जे रति रूप वल्लभ—स्वामिनां ए बाणु कोण सहन करी शके?

आयुर्दीर्घतरं तनोतु नयनद्वन्द्वं कुरंगीदृशां।
कीर्तिं ते स्मितसंततिः स्तनतटश्रोणी विशा-

लश्रियम् ॥ देवस्यात्रिजगज्जयाय पटहे दत्ते मृ-
गाक्षी गुरो रित्युत्साहसहे हिताय विहिता
जाने जनन्याशिषः ॥२८॥

(૨૫) મૃગ જેવાં જેનાં નેત્ર છે, એવી સુંદર સ્ત્રીના ગુરૂ રૂપ કામદેવનો ત્રણ જગત્ ને જીતવા અર્થે મોટા ઉત્સાહને સહન કરવો એવો હેતુ હોવાથી સ્ત્રીરૂપ વિજય દુંદુભિનો શબ્દ પોતાની મેળે જ થયા કરે છે અને એમ હોવાથી સ્ત્રીની જનનીએ હિતને અર્થે એ પ્રમાણે આશીર્વાદ દીધા છે એમ હું માનુંછું. એ આશીર્વાદ એ છે કેઃ—હે કામદેવ રાજન્, સ્ત્રીઓના નેત્રયુગલ તમારૂં અતિ દીર્ઘ આયુષ્ય વધારો તેના હાસ્યનો સમૂહ તમારી કીર્તિને વધારો, ઉન્નત એવાં સ્તન તથા નિતંબ તમારી વિશાળ લક્ષ્મીને વધારો! એવા આશીર્વાદ લેઇને એ કામદેવે ત્રણ જગતમાં દિગ્વિજય કર્યો એ આ શ્લોકનો ભાવ છે.

મોક્ષ.

——:०:——

भोगाभोगविलोपकोपकलहैरस्तोकशोकाकूलं।
कामं काममकामधामसमय योगं वियोगानुगम्॥
रोगोद्‍गारविकारपाकविषमं निर्मूल्यनेत्रव्यथाः।
सेकंमोक्षफलस्यसंशयतरोहेकंविवेकंनुमः ॥१॥

(૧) ભોગના વિસ્તારનો જેના વડે વિનાશ થાય છે, ક્રોધ કલહ વડે ઘણા શોકથી જે વ્યાપ્ત રહે છે, અતિશય ઈચ્છા ન થવાનું જે સ્થળ ગણાય છે, જેનો સમય સંયોગ છતાં વિયોગ સહિત જ છે, જેનું પરિણામ પ્રગટપણે રોગ વિષમ વિકારરૂપ છે—એવા કામને જે મૂળમાંથી ઉખેડી વિષયવ્યથાને દૂર કરી નાંખે છે અર્થાત્ એનું ફલ મોક્ષ છે, વિષયસુખમાં દુઃખનો તર્ક કરવારૂપ વૈરાગ્ય વૃક્ષના મૂળને જે જલસિંચન સમાનછે—એવા એક વિવેકને જ અમે નમસ્કાર કરીએ છીએ.

उद्याने मधुचान्द्रिका शशिमुखीगीतं सुहृत्स-
त्कथा। कस्येदं न सुखाधिकं सुखशखीं प्रीति
परां वर्षति ॥ किंत्वेतत्खलसंगसर्परशनामातं-
गकर्णाञ्चल। प्रौढापांगपतंगपक्षगणिकाना-
गेन्द्रजालोपम् ॥२॥

(२) બગીચામાં બેસવું, વસંતઋતુના ચંદ્રની કાન્તિનો અનુભવ લેવો, તેમાં વળી ચંદ્રમુખી સ્ત્રીનું ગાયન સાંભળવું, મિત્રોની સુંદર મધુર વાણી શ્રવણ કરવી—એ સઘળા પ્રકારો અધિક સુખ, તથા ઉત્કૃષ્ટ પ્રેમ રસને વરસાવે છે; પરંતુ કહેવું જોઇએ કે એ સુખ અને એ પ્રેમ અતિશય ચંચળ છે. જેવી ખળ પુરૂષની પ્રીતિ, સર્પની જીભ, હાથીના કાનનો છેલ્લો પ્રાંત, પ્રૌઢ સ્ત્રીનાં નેત્ર, દીવાની જ્યોતમાં પડતું નાખનાર પતંગિયાંઓની પાંખ, તથા વેશ્યા, કાળો નાગ અને ઈંદ્રજાલ

અતિ ચંચલ છે, તેવા જ તે પ્રકારો પણ ચંચલ, અસ્થિર અને દુઃખરૂપ છે એમ સમજવું.

बाल्यं दुःसहमोहसंहतिहतं रागोल्बणं यौवनं ।
वृद्धत्वंसकलोपभोगकलनावैकल्यशल्याकुलम् ॥
वैराग्येण विना विनष्टविमलालोकं सशोकं मदा। ससारे सरतां पुनःपुनरहो यातं वृथा जीवितम् ॥३॥

(૩) બાળપણું અતિશય અજ્ઞાનના સમૂહમાં ચાલ્યું ગયું, જુવાની પણ વિષય ભેગના રાગમાં રગદોળાઈ ગઈ. વૃદ્ધપણું સકળ ઉપભોગથી રહિતપણારૂપ શલ્યથી વિંધાઈ ગયું. માટે વૈરાગ્યવિના સઘળું નિર્મલ જ્ઞાન નાશ પામે છે; અને એમ હોવાથી જ સંસારમાં રહેનાર પુરૂષોનું જીવતર નિરંતર વૃથા ચાલ્યું જાય છે.

दृष्टा बालकचेष्टा यौवनदर्पोऽथ वृद्धवैराग्यम् ॥
सापिगतासोऽपिगतस्तदपिगतंस्वप्नमायेयम् ४

(૨) બાળપણાની ચેષ્ટા દીઠી, જુવાનીનો અહંકાર પણ દીઠો અને વૃદ્ધપણાનો વૈરાગ્ય પણ દીઠો. અર્થાત્ તે ચેષ્ટા પણ ગઈ, તે અહંકાર પણ ગયો અને તે વૈરાગ્ય પણ ગયું! એટલે બાળપણાની લીલા, જુવાનીનું જોર, વૃદ્ધપણાનું ઉદાસપણું—એ સઘળું સ્વપ્ન સરખું અને ઇંદ્રજાલ સરખું—અસ્થિર દેખાવરૂપ જ છે. વસ્તુ તેને અંગે જે કાંઈ જોવામાં આવે છે તે કાંઈપણ સાચું રહેવાનું હોતું નથી.

पुनःपुनर्जन्मसहस्त्रहेतु-
र्मलीमसःस्नेहसमोऽस्ति नान्यः ॥
पुंसः प्रदीपस्य च यः करोति ।
सेवोन्मुखत्वं गृहसंविभागे ॥५॥

(૫) આ સંસારમાં સ્નેહે કરીને જ વારંવાર હજારો જન્મ મરણુ થયાં કરે છે અને થશે. જેમકે દીવા જેવા કાન્તિમાન પદાર્થને પણુ સ્નેહ (તેલ) મળવાથી નિત્ય જન્મ મરણુ પામવું પડે છે, અને ઘરના સકળ પદાર્થોને પ્રકાશ કરવારૂપ કામમાં જોડાવું પડે છે.

आक्रान्तं पिशुनैर्नरेन्द्रभवनं विद्यागृहं मत्सरै रायासैर्द्रविणं कुलं कुतनयैर्नानावियोगैःसुखम् ॥ साधुत्वं खलबन्धनापरिभवैश्चिन्तासहस्रैर्मन स्तन्नास्त्येव न यत्सरोषकलुषं निर्दोष एकःशमः ॥६॥

(૬) રાજા લોકોનાં સ્થાન ચાડિયા અને ખલ પુરૂષોથી ભરપૂર ભરાઈ ગયાં છે, તે શીઘ્ર નષ્ટ થાય છે. વિદ્યાનાં સ્થાન મત્સર વડે નાશ પામે છે. ઘણા લોભથી દ્રવ્ય નાશ પામે છે. નઠારા પુત્રોથી કુળ નાશ પામે છે. ખળ પુરૂષના બંધનથી થયેલા પરાભવને લીધે

સાધુપણું નાશ પામે છે. હજારો ચિંતાઓથી મન નાશ પામે છે. સારાંશ કે ક્રોધથી મલિન ન થાય, એવું નિર્દોષ કાર્ય કોઈ પણ નથી. નિર્દોષ તો એક શાન્તિ જ છે.

कृतं शमजलेन यैर्विरततीव्रतृष्णं मनः

परं भवपराभवोद्धरणधीरधुर्यैर्न ते ॥

भजन्ति जननीजनप्रसृतदुग्धधाराघनस्तनप्रण-

यितं पुनर्दशनशून्यमास्यं नराः ॥७॥

(૭) સંસારના પરાભવથી ઉદ્ધાર પામવાને અતિશય ધીર એવા જે પુરૂષોએ, શાન્તિરૂપ જળવડે તીખી તૃષ્ણાવાળા મનને વિરામ્યું છે, તે પુરૂષો માતાના દુધની ધારાઓથી ભરપૂર એવા સ્તનને વળગતું અને દાંત વિનાનું એવું મુખ ફરીથી કરતા નથી. એટલે તે જન્મ મરણ રહિત થાય છે.

उत्सृज्य संतोषसुखामृतानि ।

प्रीत्यै पराराधनसाधनानि ॥

अहो नु मानानि धनानि पुंसां।
धनानि निद्रासुखसाधनानि ॥८॥

(૮) તર્ક કરવા યોગ્ય એવું આ પણ એક આશ્ચર્ય નહીં તો બીજું શું ગણાય? પુરૂષોને જગત્‌માં થયેલું પોતાનું સન્માન—એજ મોટું ધન છે અને નિદ્રા—એજ સુખનું મોટું સાધન છે; માટે સંતોષ—એજ સુખાકારી અમૃત સમાન છે. આમ છતાં તેનો ત્યાગ કરીને મનુષ્યો પોતાના આત્માને ખુશી રાખવા પારકાનું આરાધન કરે છે! પારકાની તાબેદારીમાં રહી જાણી જોઇને સુખને બદલે દુઃખમાં પડવું, એ તર્ક કરવા યોગ્ય મોટું આશ્ચર્ય જ તો!

विवेकस्वाधीने विजनगमने जन्मशमने । विकारे संसारे व्यसनपरिहारेऽपि सुकरे ॥
परं लज्जा साधोः प्रसवसमये शोणितमये ।
पुनःपाणिर्मूर्ध्नि क्षिपति यदि धात्रीति पतितः॥९॥

(૯) જેનાથી વિવેકને સ્વાધીન રહી શકાય, જેનાવડે એકાંત ગમન થઈ શકે, અને જેનાથી જન્મ મરણનો નાશ થઇ શકે તેવું વ્યસનરૂપ વર્તન, એ જ વિકારરૂપ સંસારમાં દુ:ખનો નાશ કરવાનો સરસ ઉપાય છે. જો એવા વર્તનરૂપ સાધુપણામાંથી સાધુજન પતિત થાય તો તે મોટી લજ્જાનું સ્થાન થઈ રહે છે; કારણ કે જેમ રૂધિરમય જન્મ સમયમાં પ્રથમ ગ્રહણ કરનારી ધાત્રી બાળક ઉપર હાથ મૂકે છે, તેમ, સાધુપણામાં જે સાધુ, લોકોના માથાપર હાથ મૂકી આશીર્વાદ આપે છે, તે જ સાધુપણાથી પતિત થયો એટલે ફરી જન્મ પામે છે, અને તેના જ મસ્તકપર સ્ત્રીને હાથ મૂકવાનો પ્રસંગ મળે છે!

आयासप्रसवे विचारविरसे लज्जाजुगुप्सास्पदे। रागान्धा विरमन्ति नैव कुपदे स्त्रीभोगनाम्नि च्युताः॥ चित्तं नास्ति सचेतसामपि नि-

नाकर्षे विमर्षः क्षणं । रत्यन्तेषु परांमुखत्वमनिशं प्राप्नोतिनायं जनः ॥१०॥

(૧૦) જે પ્રયાસને ઉત્પન્ન કરે છે, જેનો વિચાર કરતાં જે વિરસ જણાય છે, લજ્જા અને નિંદાનું જે સ્થાન છે અને જેનું નામ સ્ત્રીભોગ છે, તેવા અશુચિ સ્થાનમાં તુટી પડતા રાગથી અંધ થયેલા પુરૂષો વિરામ પામતા નથી. સચિત્ત એટલે ચિત્તવાળા—ડાહ્યા, પુરૂષનું ચિત્ત પણ એથી વિરામ પામતું નથી. સ્ત્રીભોગથી પોતાના દૈવતનું હરણ થાય છે. તેનો પણ વિચાર થતો નથી. કામભોગને અંતે ક્ષણમાત્ર વિપરિત મુખ થઈ અવયવ વીરામ પામે છે; પરંતુ ડાહ્યો પુરૂષ નિરંતર વીરામ પામતો નથી, એ કેવું આશ્ચર્ય?

केशाकुले रक्तकषायपंक ।
कपालभाजि प्रकटास्थिदन्ते ॥

कायश्मशाने रमतेऽगनानां ।

कामाकुलःकामुककाकलोकः ॥११॥

(૧૧) જે કેશથી આકુળવ્યાકુળ, રૂધિર, પરૂ, પાચ અને ક્રોધ, માન, માયા ઈત્યાદિ નિંદ્ય વસ્તુથી ભરેલ પાત્રરૂપ છે, જે દંતાદિ પ્રકટ દેખાતાં હાડકાંથી ભરેલું એવા સ્ત્રીના શરીરરૂપ સ્મશાનમાં કામથી આકુલ થયેલા કામી પુરૂષરૂપ કાગડાનો સમૂહ રમતો જણાયછે.

अहो तृष्णा वेश्या सकलजनतामोहनकरी वि-

दग्धा मुग्धानां हरति विवशानां शमधनम् ॥

विपद्दीक्षादक्षैः समतरलहारैः प्रणीयनी

कटाक्षैः कूटाक्षैः कपटकुटिलैःकामकितवः १२॥

(૧૨) સકલ જનસમૂહને મોહ ઉપજાવનારી મહા ચતુર, સુંદર, તૃષ્ણાને વધારનારી, પુરૂષરૂપ સોગઠાંથી રમવા યોગ્ય, એવી વેશ્યારૂપ બાજીને બતાવી, કામરૂપ જુગારી (ધુત રમનાર) પુરૂષ,

વિપત્તિરૂપ દીક્ષા આપવામાં ચતુર, બરોબર ચંચલ, મનોહર, કુટવિદ્યાથી ભરપૂર, કપટના ભરેલાં સ્ત્રીના કટાક્ષરૂપ પાસાથી, મુગ્ધ પુરૂષોના શમ (શાન્તિ)રૂપ ધનને હરી લેછે.

बाल्यं कुलीनजननीजनकप्रमोहं ।
तद्यौवनं कुलटभासुभगोपयोगम् ॥
वृद्धत्वमप्युपचितं कुकलत्रपुत्रैः ।
सत्यं न किंचिदिदमत्र खचित्रमित्रम् ॥१३॥

(૧૩) બાળપણું કુલીન જનની માતપિતાને અતિશય મોહનું સ્થાન છે. તે મટીને વળી યૌવન આવે છે. યૌવન સારી નરતી સ્ત્રીઓના ભોગમાં ખપી જાય છે. વૃદ્ધપણું પણ નિંદ્ય સ્ત્રી તથા પુત્ર–તેના પરાભવથી વ્યાપ્ત થઇ રહે છે, માટે આ સંસારમાંનું સર્વ આકાશમાં થતા લીલાં પિળાં ચિત્રની પેઠે મિથ્યા છે–સત્ય કાંઇ પણ નથી.

न कस्य कुर्वन्ति शमोपदेशं ।
स्वप्नोपमानि प्रियसंगतानि ॥
जरानिपीतानि च यौवनानि ।
कृतांतदष्टानि च जीवितानि ॥१४॥

(૧૪) પ્રિય વસ્તુનો સમાગમ સ્વપ્ન સમાન છે. જરારૂપ રાક્ષસીએ ભક્ષણ કરેલાં યૌવન છે, કાલરૂપ સર્પે ચૂસી ખાધેલાં જીવિત છે. માટે શાન્તિનો ઉપદેશ કોણને સુખકારી નથી? સર્વને સુખકારી જ છે.

चिन्त्यंते यदि नाम रामनहुषश्वेतादि राजर्षयः किं तैर्याति विशालकालकलनामीलत्कथाकौतुकैः॥ गण्यन्तां स्वदृशैव भूरिविभवा दृष्टाश्च नष्टाश्च ये तस्मात्सर्वमनित्यताकवलितं ज्ञात्वा शमः स्मर्यताम् ॥१५॥

(૧૫) રામ અને નહુષ રાજા તથા શ્વેતાદિ રાજ ઋષિઓનો વિચાર કરીએ તો તે-

એ કેવા મહા સમર્થ હતા? પરંતુ તેમની શાસ્ત્રમાં લખાઈ તેટલી જ વાત રહેવા પામી અને બીજી સઘળી કથાઓ નાશ પામી. તે કથાઓનું કથનમાત્ર આશ્ચર્યકારક છે. તેથી કરીને વિશાળ–એવા કાળની શક્તિ શું વધારે જાણવામાં આવે છે? નહીં. આજે પણ જે મોટા ધનાઢ્ય પુરૂષોને નજરે નિહાળીએ છીએ. તેમ જ નાશ પામતાં પણ આપણે જ જોઇએ છીએ. અર્થાત્ સર્વ અનિત્ય છે. માટે સર્વ કાળનો કોળિયો છે, એમ વિચારીને એક શાન્તિનું જ સ્મરણ કરો.

यदा लोला लक्ष्मीः क्षितिपतिरणारण्यहरिणी
यदा स्वप्नान्मेषा तनुघनतडिद्यौवनरुचिः ॥
यदा कालः कामं जनजलजकिञ्जल्कमनुप-
स्तदा संसारेऽस्मिन्नविबुधमनो नोपरमते॥ १६॥

(૧૬) જો લક્ષ્મી, રાજાઓના સંગ્રામરૂપ અરણ્યમાં રઝળતી હરિણી સરખી ચંચળ જ-

ણાય; જો જાગૃત અવસ્થામાં જે કાંઈ જણાય છે, તે તમામ કેવળ સ્વપ્નાવસ્થા સરખું જ-ણાય; જો જુવાની, શરીરરૂપ મેઘમંડળમાં થયેલા વિજળીના ઝબકારા જેવી જણાય; જો કાળરૂપ ભ્રમરો મનુષ્યરૂપ કમળમાંથી ઝીણી રજરૂપ આવરદાને ચૂસી ખાય છે, એમ જ-ણાય; તો આ સંસારમાંથી મૂર્ખ વિના બીજા કયા પુરૂષનું મન વિરામ ન પામે? અર્થાત્ એમ જાણવા-જોવામાં આ તો સર્વ કોઇનું મન વિરામ પામ્યાવિના રહે જ નહીં

संतोषाम्भः पिबति निभृतस्वच्छमिच्छामयुरी

भ्रान्त्वाचान्तःकरणहरिणो याति विश्रान्तिमन्तः॥

लीनश्चायं शमतरुजले शीतले तापतान्ति

मीलत्काममस्त्यजतिनियतं मत्तचित्तद्विपेन्द्रः १७

(૧૭) ઇચ્છારૂપ મયુરી અતિશય સ્વચ્છ એવું સંતોષરૂપ જળનું પાન કરે છે અંતઃક-રણરૂપ હરિણ બધે ભ્રમણ કરીને અંતરમાં જ

વિશ્રામ પામે છે. શિતળ—એવા શાન્તિરૂપ જ-
ળમાં લીન થવાથી જેનો કામ મિચાયો છે,
એવો ચિત્તરૂપ મદોન્મત્ત હાથી તાપથી થયેલા
ખેદને નક્કી ત્યાગ કરે છે.

याते भोगे स्मरणपदवीं सत्कनानावियोगे
शोकःस्तोकंस्पृशतिनमनःसर्वथानिर्व्यथानाम् ॥
काले काले किल कलयतामन्तवत्सर्वमन्तः
प्राणःकायःक्षयपरिचये निश्चयेनिर्भरंनः॥१८॥

(૧૮) જેમાં અનેક પ્રકારના વિયોગ ર-
હેલા છે—એવા ભોગનું સ્મરણ થયા છતાં જે
સર્વ પ્રકારે દુઃખથીરહિત રહેલો છે એવા
પુરૂષનું મન, શોકને જરા પણ સ્પર્શ કરવા પા-
મતું નથી. મારા અંતરમાં સઘળા પદાર્થો ક્ષણે
ક્ષણે નાશવંત જણાય છે, અને આ શરીર
પણ નિશ્ચયપૂર્વક મારા મનથી પડેલું જ દે-
ખાય છે.

यातु व्यक्ति कुसुमसमयः संचयः सौरभानां
खे खेलन्तो मलयानिलयाः संतता वान्तु वाताः॥
कामः कामं क्षपयतु धृति पक्ष्मलाक्षीकटाक्षैः
शान्तिश्चित्ते स्थिरसुखसखीनिर्विकारे ममास्तु १९

(૧૯) સુગંધિ પુષ્પનો સંચય કરનાર વસંતઋતુ પ્રકટ થાઓ, આકાશમાં મલયાચલના વાયુ નિરંતર વાયા કરો, કામદેવ સ્ત્રીઓના કટાક્ષથી લોકોની મોટી ધીરજને છોડાવ્યા કરો, પરંતુ મારા નિર્વિકારી ચિત્તમાં તો અવિનાશી સુખવાળી એકલી શાન્તિ જ રહેજ્યો.

जरानिगीर्णे सुभगाभिमाने
म्लाने शनैर्भूतिलताप्रताने ॥
धनावदाने शिथिलाभिमाने
धृतिर्निधाने प्रशमाभिधाने ॥२०॥

(૨૦) સૌંદર્યનું અભિમાન જરા અવસ્થાએ ગળી લીધું, સમૃદ્ધિરૂપ લતાનો વિસ્તાર હળવે

હળવે ઓછો થયો, અને ધનનું અભિમાન શિથિલ થયું, ત્યારે જ ઉપશમરૂપ નિધિમાં ધીરજ બાંધવાનું બની આવ્યું છે.

रागेण सार्द्धं वयसि प्रयाते
गतेषु भोगेषु सह स्पृहाभिः ॥
देहे च मोहेन समं प्रलीने
निरर्गलोऽसावपवर्गमार्गः ॥२१॥

(૨૧) જેમ જેમ અવસ્થા જતી જાય છે, તેમ તેમ તેની જોડે વિષયનો રાગ પણ નાશ પામતો જાય છે. જેમ જેમ ભોગનો નાશ થતો જાય છે, તેમ તેમ તેની જોડે તે તે ભોગની વાસનાઓ પણ વિનાશ પામતી જાય છે. જેમ જેમ શરીર ક્ષીણ થતું જાય છે, તેમ તેમ તેની જોડે મિથ્યામોહ પણ નાશ પામતો જાય છે. એ રસ્તે પણ મોક્ષનો માર્ગ ઉઘાડો દેખાય છે.

चित्तं वातविलासिपांसुसदृशं वित्तं दिनान्तातपं
भोगं दुर्गतगेहदीपचपलं पुष्पस्मितं यौवनम् ॥
स्वप्नं बन्धुसमागमं तनुमपिप्रस्थानपुण्यप्रपां
नित्यं चिन्तयतां भवन्ति न सतां भूयो भवग्रन्थयः

(૨૨) વાયુથી ઉડતી રજ સરખું ચંચલ ચિત્ત છે. દિવસના અંત સમયમાં તડકા જેવું ધન છે. દરિદ્રીના ઘરના દીવા જેવા ચંચળ ભોગ છે. ખીલેલું પુષ્પ જેમ થોડા જ કાળમાં કરમાઈ જાય છે, તેમ જુવાની પણ કરમાઈ જાય છે. બંધુ જનનો સમાગમ સ્વપ્ન સરખો છે. શરીર પણ પ્રસ્થાન કાળના પુણ્યની પર-વડી સમાન થોડો જ કાળ રહેનારૂં છે. આવા પ્ર-કારનો નિરંતર વિચાર કરનારા સત્પુરૂષોને ફ-રીથી સંસારની ગ્રન્થીઓ બંધાતી નથી અર્થાત્ તેઓને ફરીથી સંસારમાં આવવું પડતું નથી, તેઓ મોક્ષ પામે છે.

अभिन्नार्थानर्थः सुहृद्दरिपरिच्छेदरहितः
समावज्ञामनः सदृशसुखदुःखव्यतिकरः ॥
न मौनी नामौनी वनजलसमानासिनमना
न दैन्यं नादैन्यं स्पृशति गुणनैर्गुण्याविरतः २३।

(૨૩) સદ્‌ગુણ અને નિર્ગુણપણું મૂકીને કેવળ બ્રહ્મસ્થિતિમાં મગ્ન થયેલા પુરૂષોને અર્થ અને અનર્થ—એ બે સમાન છે. એવા પુરૂષોને શત્રુ અને મિત્ર—એ બેનો વિભાગ સરખો છે. તેઓને માન અને અપમાન—એ બે પણ સરખાં છે. શારીરિક દુઃખનો સમૂહ પણ સરખો છે. ભોજનમાં જેમનું મન વનના જલ સમાન છે, તેવા સાધુ પુરૂષને દૈવ ઈચ્છાથી ભોજન મળે તો ઠીક અને ન મળે તોપણ ઠીક. તેઓ મૌન્યપણું રાખે તોપણ ઠીક અને ન રાખે તોપણ ઠીક. પરંતુ એટલું તો નક્કી સમજવું કે એવા મહાત્માઓને રંકપણું અને ઉદ્ધતાઇ—એ બેમાંથી એક પણ અડકવા પામતું નથી.

सा दूरे हरिचन्दनस्य न परं हारेण किं हारि
ता ना कान्ताकुचमण्डलस्य सुलभा चन्द्रे दरिद्रं
कुतः गीते संगतिरेव नास्ति समता तस्यां न
सिद्धामधोर्नैराश्ये सहसैव चेतसि कृते या प्रीति
रुज्जृम्भते ॥ २४ ॥

(૨૪) ચિત્તમાં નિરાશા પ્રકટ થયા પછી જે સુખશાન્તિનો શિઘ્રપણે ઉદય થાયછે, તે સુખ શાન્તિ હરિચંદન (પારિજાતક)ના વૃક્ષોમાં ક્યાં-થીજ હોય ? શું પુષ્પહારમાં એવું શિતગ મનોહરપણું હોય ? નહીં જ. સ્ત્રીના સ્તનમં-ડળને એવી સુખશાન્તિરૂપ શિતળતા મળેલી નથી, તો બીજામાં તે ક્યાંથી હોય ? દરિદ્રી એવા ચંદ્રમાં, મધુર ગીત ગાયનમાં, વસંત ઋતુમાં અને મદ્યપાનમાં પણ તેવી શિતળતા હોતી નથી. નિરાશામાં પ્રીતિ, સુખશાન્તિ, અને શિતળતા ઉત્પન્ન થાય છે, તેવી પુર્વોક્ત કોઇમાંથી પણ ઉત્પન્ન થઇ શકતી નથી.

लब्धावधिः सत्यसुखामृतस्य
नवप्रमोदादद्भुतपूर्णकामः ॥
भारावताराद्विव निर्वृतोऽहं
त्यागेन सर्वाग्रहसंग्रहाणाम् ॥२५॥

(૨૫) કોઇએ માથે બોજો લીધો હોય અને તે ઉતારી લેવાથી જેમ તેને નિર્વૃત્તિ થાય છે, તેમ સર્વ પ્રકારના સંગ્રહ કરેલા આગ્રહનો ત્યાગ કરવાથી સાચા સુખરૂપ અમૃતના લાભનો અવધિ મને મળી ચૂક્યો; કારણ કે અપૂર્વ અદ્ભૂત હર્ષ ઉત્પન્ન થવાથી હું પૂર્ણ કામ થયો છું.

धनार्जनविचिन्तनं हृदयरोपिताशावनं
वृथा चरणशातनं खलकदर्यसंसेवनम् ॥
सदा व्यसनशोचनं प्रियवियोगदीनाननं
विहाय गृहमज्जनं व्रजति पुण्यवान्निर्जनम्॥२६॥

(૨૬) જેમાં ધન ઉપાર્જન કરવાની ચિંતા રહેલી છે, જેથી આશાઓના વનનું હૃદયમાં

આરોપણ થતું જાય છે, જેમાં મિથ્યા પગ પછાડવા પડે છે, જેમાં ખલ અને કૃપણ પુરૂષોની પણ સેવા કરવી પડે છે, જેમાં નિરતર અનેક પ્રકારનાં કષ્ટ અને શોક રહેલાં છે, અને જેમાં પ્રિય વસ્તુના વિયોગે કરીને મુખ રાંક સરખું કરવું પડે છે, એવો ગૃહસ્થાશ્રમ છે, માટે એ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી જેઓ વનવાસ કરે છે, તેઓને પુણ્યવાન પુરૂષ જાણવા.

नास्ति स्वस्तिकरः परः परिभवो धर्मात्मनां प्राणिनामापत्तापशमक्षमं धनसमं नान्यत्क्रियाजीवितम् संसारे परमस्ति नोऽत्र सुखदं रम्यं न रामाननात्सर्वक्लेशविनाशनिर्वृतिरसःको नाम मोक्षात्पर : ॥२७॥

(૨૭) ધર્માત્મા પુરૂષોને ધર્મ વિના કલ્યાણકારક બીજું કંઈ જ નથી, કારણ કે સર્વ કલ્યાણનું મૂળ ધર્મ છે. આપત્કાલના તાપને શમાવવાને સમર્થ એવું ધન સમાન ધર્મવિના

બીજી કોઈ ક્રિયાજીવિત નથી, આ સંસારમાં રહેનારા પ્રાણીઓને સુંદર સ્ત્રીના મુખ જેવું સુખ કરનાર બીજું કશું લાગતું નથી, પરંતુ સર્વ ક્લેશમાત્રનો વિનાશ થવાથી મહા નિવૃત્તિ સુખનો આપનાર તો મોક્ષ વિના નક્કી બીજો કોઇ જ પુરૂષાર્થ નથી.